ચેમ્બર ઓફ કોમર્સનું મુખપત્ર

# સમૃદ્ધિ

RNI REG. NC. 15069/1968
VOL. : 59 / ISSUE-1 / JULY 2026

SGCCI
ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી
Business Beyond Excellence

# નવો દોર, નવો જોશ

## ચેમ્બરના પ્રમુખપદે અશોક જીરાવાલાએ સંભાળ્યું સુકાન






# THE SOUTHERN GUJARAT CHAMBER OF COMMERCE & INDUSTRY

(BUSINESS VOICE OF SOUTH GUJARAT SINCE 1940)

SGCCI

## ANNUAL EVENT PARTNERS 2026-27

SFA SINGHI FINANCIAL ADVISORS
Siddharth Pradeep Singhi

Mehta Wealth

Luthra Group | GEPIL

SOLEX ENERGY

Jainam

Liberty's

KP GROUP
www.kpgroup.co

SIGNATURE
RAPIER-JACQUARD-AIRJET

JBGO

KUMBHAT INVESTMENT BANKING
Debt | Private Equity | IPO

SARJAN
POSITION PRINTING MACHINE

SHAH PUBLICITY

D. KHUSHALBHAI JEWELLERS-VESU

steam house
Community Boiler & Combined Heat and Power Solutions

ajmera

TORIN Wealth Management
Khushiyaan Aapki, Zimmedari Hamari

3 STAR BRANDING PVT. LTD.

BHATHWARI TECHNOLOGIES PVT. LTD.

SOHAGIA TOURS & TRAVELS PVT LTD

anthems CORPORATION

ALLIANCE GROUP

JYOTI Hydrotech Pvt. Ltd.

Alliance

SHADE & LIGHT
PHOTO STUDIO PVT. LTD.

Roongta DEVELOPERS

Globela Pharma
"Every Life Is Precious"

EXIM CONNECT
Complete Global Business Solution

SUNBOW
DYES & SPECIALITIES LLP
THE WISE CHOICE IN CATIONIC DYES

BUSINESS BEYOND EXCELLENCE

# ચેમ્બરના હોદ્દેદારો



**અશોક જીરાવાલા**
પ્રમુખ



**રવિ રાજ દેસાઈ**
ઉપપ્રમુખ



**નિખિલ મદ્રાસી**
તત્કાલીન પૂર્વ પ્રમુખ



**પરેશ લાઠીયા**
માનદ્ મંત્રી



**અતુલ પટેલ**
માનદ્ ખજાનચી

# નવા સંકલ્પો સાથે નવી સફર



અશોક જીરાવાલા
પ્રમુખ

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (SGCCI)ના પ્રમુખ તરીકેનું સુકાન સંભાળવું એ મારા માટે માત્ર એક હોદ્દો નથી, પરંતુ દક્ષિણ ગુજરાતના ગૌરવવંતા અર્થતંત્રને નવી વૈશ્વિક ઊંચાઈએ લઈ જવાની એક અત્યંત મોટી જવાબદારી છે. 6 જૂન 2026ના રોજ સરસાણા સ્થિત SIECCના પ્લેટિનમ હોલ ખાતે ઉદ્યોગ જગત, ન્યાયતંત્ર અને રાજકીય ક્ષેત્રના ટોચના દિગ્ગજોની ગરિમામય ઉપસ્થિતિમાં આપણો 86મો પદગ્રહણ સમારોહ દબદબાભેર સંપન્ન થયો. આ પ્રસંગે અને ત્યારબાદ પણ આપ સૌ વડીલો, ઉદ્યોગપતિઓ અને સાથી મિત્રો તરફથી જે અનરાધાર વધામણાં અને સ્નેહ મળ્યો છે, તે બદલ હું આપ સૌનો હૃદયપૂર્વક આભારી છું.

આ ભવ્ય સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત કેન્દ્રીય જળશક્તિ મંત્રી **શ્રી સી.આર. પાટીલે** આપણને 7 પેઢી માટે ‘જળ સંચય’ કરવાનો જે પર્યાવરણીય અરીસો બતાવ્યો છે, તે આપણા ઉદ્યોગો માટે હંમેશા માર્ગદર્શક બની રહેશે. આ સાથે જ, રાજ્યના ઉદ્યોગમંત્રી **શ્રી હર્ષભાઈ સંઘવીએ** ઉદ્યોગકારોને સરકારી બાબુશાહીમાંથી મુક્તિ અપાવવા 23 જટિલ પ્રક્રિયાઓ નાબૂદ કરવાની અને હવે AI (આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ) દ્વારા ટેક્સટાઇલ સબસિડી સીધી બેંક ખાતામાં જમા કરાવવાનો જે હાઇ-ટેક એજન્ડા જાહેર કર્યો છે, તેનાથી આપણી ઔદ્યોગિક પ્રગતિને નવો વેગ મળશે.

આ તકે, સંસ્થાનું સફળ સુકાન મને સોંપીને વિદાય લઈ રહેલી પૂર્વ પ્રમુખ **શ્રી નિખિલ મદ્રાસીની** અવિસ્મરણીય અને સફળ 365 દિવસની ઇનિંગ્સને હું આદરપૂર્વક બિરદાવું છું. પદગ્રહણના આ ગૌરવવંતા મંચ પર મારી સાથે સત્તાવાર કાર્યભાર સંભાળનારા નવનિયુક્ત ઉપપ્રમુખ **શ્રી રવિ રાજ દેસાઈ**, માનદ્ મંત્રી **શ્રી પરેશ લાઠિયા** અને માનદ્ ખજાનચી **શ્રી અતુલ પટેલ** સહિતની નવી ઊર્જાવાન ટીમ આગામી વર્ષોમાં આપણી સંગઠનાત્મક એકતા અને મજબૂતીનો અડગ પાયો બનશે.

આપણું લક્ષ્ય અને તાકાત એકદમ સ્પષ્ટ છે. દક્ષિણ ગુજરાત પાસે ભલે રાજ્યનો માત્ર 15% ભૌગોલિક હિસ્સો હોય, પણ ગુજરાતના GDPમાં આપણો સિંહફાળો 30% છે! ભારતની કુલ નિકાસમાં આપણો હિસ્સો 27% નો છે, જ્યારે સુરત એકલું દર વર્ષે 18,000 કરોડ રૂપિયાનો ઇન્કમટેક્સ અને 7,000 કરોડ રૂપિયાથી વધુ GST દેશની તિજોરીમાં જમા કરાવે છે. આપણી માત્ર 5 લિસ્ટેડ કંપનીઓનું માર્કેટ કેપ જ 63,000 કરોડ રૂપિયાને પાર છે.

આ જ આર્થિક સામર્થ્ય સાથે આગામી વર્ષ માટે આપણે *“Business Beyond Excellence”* (શ્રેષ્ઠતાથી પણ આગળ)નો સંકલ્પ લીધો છે, જેને સિદ્ધ કરવા માટે 7 મુખ્ય પ્રોજેક્ટ્સ પર યુદ્ધના ધોરણે કામ શરૂ કરી દેવાયું છે.

એમાં પણ મારે ખાસ કેટલીક મહત્વકાંક્ષી પહેલની વાત કરવી છે. પ્રથમ, સ્ટાર્ટઅપ માટે ઓપન ચેલેન્જ: જ્યાં કોઈ વગ કે ભલામણ નહીં, માત્ર આઇડિયા અને આવડત ધરાવતા યુવા સાહસિકો માટે ફંડિંગની વ્યવસ્થા કરાશે, કારણ કે આપણો મંત્ર છે – ***‘જિસકે આઈડિયા મેં હૈ દમ, ઉસકે સાથ હૈ હમ’***. SGCCI એક્સીલરેટ-પ્રો પ્રોગ્રામ: જેમાં વાધવાણી ફાઉન્ડેશન, ATIRA અને AMAના વ્યૂહાત્મક સહયોગથી ટેક્સટાઇલ અને ડાયમંડ ઉદ્યોગ માટે ખાસ સેક્ટર-વાઇઝ પ્લેબુક તૈયાર કરાશે.

સૌથી મહત્વની વાત, હવે સમય આવી ગયો છે કે આપણે ગ્લોબલ માર્કેટમાં આપણું, આપણી પ્રોડક્ટ્સનું બ્રાન્ડિંગ કરીએ. આવો, આ નવા દોરમાં દક્ષિણ ગુજરાતના વ્યાપારિક હિતોના રક્ષણ, ગ્લોબલ બ્રાન્ડિંગ અને પ્રગતિ માટે આપણે સૌ સાથે મળીને વિકાસના નવા આયામો સર કરીએ.

સહકારની અપેક્ષા સહ,



**અશોક જીરાવાલા**
પ્રમુખ, SGCCI

## ઉપપ્રમુખ સ્થાનેથી...

# યુવા સાહસિકોને સબળ પ્લેટફોર્મ

**પ્રિય સભ્ય મિત્રો,**



**રવિ રાજ દેસાઈ**
**ઉપપ્રમુખ**

એસજીસીસીઆઈ (SGCCI) ના ઉપપ્રમુખ તરીકેની જવાબદારી સ્વીકારવી એ મારા માટે અત્યંત ગૌરવપૂર્ણ ક્ષણ છે. આપણા 86મા પદગ્રહણ સમારોહ દરમિયાન જે રીતે વરિષ્ઠ ઉદ્યોગપતિઓ અને રાજકીય નેતાઓએ મારી ક્ષમતા પર વિશ્વાસ મૂક્યો છે, તે સુરતના યુવા સાહસિકોના પ્રગતિશીલ માઇન્ડસેટની સ્વીકૃતિ છે. પ્રમુખ શ્રી અશોક જીરાવાલાના અનુભવી અને પરિણામલક્ષી નેતૃત્વને વધુ મજબૂત બનાવી, આગામી એક વર્ષ સંસ્થા માટે ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને ઇનોવેશનનો સુવર્ણકાળ સાબિત થાય તે દિશામાં અમે આગળ વધી રહ્યા છીએ.

આપણા માટે ગર્વની વાત છે કે કેન્દ્રીય મંત્રી શ્રી સી.આર. પાટીલે ઉદ્યોગોના સામાજિક ઉત્તરદાયિત્વ પર ભાર મૂક્યો છે, અને ઉદ્યોગમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ ટેક્સટાઇલ ક્ષેત્રને વચેટિયાઓથી મુક્ત કરવા માટે 23 જટિલ સરકારી પ્રક્રિયાઓ નાબૂદ કરવાની તેમજ હવે AI (આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ) બેઝ્ડ ઓટોમેટેડ સબસિડી સિસ્ટમ લાવવાની જાહેરાત કરી છે. આ પોલિસી સુધારાઓ આપણા નાના અને મધ્યમ કદના ઉદ્યોગો (MSMEs) માટે ગેમ-ચેન્જર સાબિત થવાના છે.

ઉપપ્રમુખ તરીકે, મારો વિશેષ આગ્રહ સંસ્થાના "Business Beyond Excellence" વિઝન હેઠળ નવી પેઢીને હાઇ-ટેક ગ્રોથ આપવાનો છે. વાધવાણી ફાઉન્ડેશન, ATIRA અને AMA જેવી રાષ્ટ્રીય સંસ્થાઓ સાથે મળીને આપણે જે સેક્ટર-વાઇઝ પ્લેબુક તૈયાર કરવા જઈ રહ્યા છીએ, તે ટેક્સટાઇલ અને ડાયમંડ ઇન્ડસ્ટ્રીના ગ્લોબલ બ્રાન્ડિંગમાં નવો અધ્યાય લખશે. આ સાથે જ, સ્ટાર્ટઅપ્સ માટે શરૂ કરાયેલી ઓપન ચેલેન્જ સુરતના તેજસ્વી આઇડિયા ધરાવતા યુવાનોને સીધું પ્લેટફોર્મ અને ફંડ પૂરું પાડશે. આવો, પરંપરાગત વ્યાપારની મજબૂત કડીઓ સાથે આધુનિક ટેક્નોલોજીનો સમન્વય કરી સુરતને વૈશ્વિક ટ્રેડ કેપિટલ બનાવવામાં આપણું યોગદાન આપીએ.

શુભેચ્છાઓ સહ,

**રવિ રાજ દેસાઈ**
ઉપપ્રમુખ,
એસજીસીસીઆઈ

## તંત્રીલેખ

# પરિણામલક્ષી નેતૃત્વ

ધી દક્ષિણ ગુજરાતના વ્યાપારી સામ્રાજ્યની સર્વોચ્ચ સંસ્થા 'ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી' (SGCCI) માટે જૂન ૨૦૨૬નો આખોય મહિનો નીતિવિષયક વિજય, સામાજિક જવાબદારી અને વૈશ્વિક વ્યાપારિક ગતિવિધિઓથી ધમધમતો રહ્યો છે. નવો કાર્યકાળ શરૂ થતાની સાથે જ ચેમ્બરે માત્ર સમસ્યાઓ રજૂ કરનારી સંસ્થા મટીને પ્રો-એક્ટિવ અને એક્શન-ઓરિએન્ટેડ પ્લેટફોર્મ તરીકેની પોતાની ઓળખ વધુ મજબૂત કરી છે.

આ મહિનાની સૌથી મોટી વ્યાપારી સફળતા સરસાણાના આંગણે આયોજિત 'ગ્લોબલ ફેબ્રિક એક્સ્પો-2026' રહ્યો છે. આ પ્રદર્શને સાબિત કરી દીધું છે કે સુરતનું ટેક્સટાઇલ માળખું હવે વૈશ્વિક સ્તરે ડંકો વગાડવા સક્ષમ છે. 35,000થી વધુ બિઝનેસ વિઝિટર્સની રેકોર્ડબ્રેક ઉપસ્થિતિ અને ₹600 કરોડથી વધુનો સ્પોટ બિઝનેસ એ આપણા ઉદ્યોગકારોની અદ્ભૂત આર્થિક ક્ષમતા દર્શાવે છે. આ વ્યાપારિક સફળતાની સાથે જ, દિલ્હી સુધી કરાયેલી આપણી વ્યૂહાત્મક રજૂઆત રંગ લાવી છે. પશ્ચિમ એશિયાની કટોકટી વચ્ચે ટેક્સટાઇલ MSMEs ને વૈશ્વિક બજારમાં ટકાવી રાખવા માટે MEG અને PTA પરની કસ્ટમ્સ ડ્યૂટીમાં 15 જુલાઈ સુધી મેળવેલી એક્સટેન્શન રાહત એ ઉદ્યોગો માટે સંજીવની સમાન સાબિત થઈ છે, જેનાથી વર્કિંગ કેપિટલ પરનો ભાર ઘટશે.

આર્થિક પ્રગતિની સાથે સામાજિક જવાબદારી અને નાગરિકોના સ્વાસ્થ્યને પણ ચેમ્બરે એટલું જ મહત્વ આપ્યું છે. મુંબઈની નાણાવટી મેક્સ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલના સંયુક્ત ઉપક્રમે યોજાયેલું 'કેન્સર કેર અવેરનેસ સેશન' એક મોટું કદમ હતું. વહેલા નિદાન દ્વારા કેન્સર સામે 100% જીત મેળવી શકાય છે, તેવો જાગૃતિનો મજબૂત સંદેશ આ ઇવેન્ટ દ્વારા છેક ગ્રાઉન્ડ લેવલ સુધી પહોંચાડવામાં આવ્યો છે.

વ્યાપારી સમૃદ્ધિ, નીતિવિષયક વિજય અને સામાજિક પ્રવૃત્તિઓથી સભર આ અંક ચેમ્બરની એ જ વિઝનરી અને પરિણામલક્ષી સફરનું એક આબેહૂબ દસ્તાવેજીકરણ છે.

આવો, આ બદલાતા સમયમાં પરંપરાગત વેપારની શક્તિ અને આધુનિક ઇનોવેશનના સમન્વયથી આપણે દક્ષિણ ગુજરાતના ઉદ્યોગ જગતને એક નવી ઊંચાઈએ લઈ જઈએ.

**તંત્રી**
**સમૃદ્ધિ મેગેઝિન**

**ડિસ્ક્લેમર:** આ મેગેઝિનમાં વ્યક્ત કરાયેલા વિચારો અને અભિપ્રાયો લેખકોના અંગત છે અને તે અનિવાર્યપણે ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (SGCCI)ની સત્તાવાર નીતિ અથવા સ્થિતિને પ્રતિબિંબિત કરતા નથી. ઓટોમેટેડ એનાલિટિકલ ટૂલ્સ દ્વારા પ્રોસેસ કરાયેલા ડેટા સહિતની તમામ માહિતીની સચોટતા જાળવવા માટે પૂરતો પ્રયાસ કરવામાં આવ્યો છે, તેમ છતાં SGCCI, આ કન્ટેન્ટની સંપૂર્ણતા અથવા ચોકસાઈની ખાતરી આપતું નથી. વાચકોને વિનંતી છે કે કોઈપણ મહત્વપૂર્ણ બિઝનેસ ડેટાની સ્વતંત્ર રીતે ચકાસણી કરવી.

**ચેમ્બરના હોદ્દેદારો**

**અશોક જીરાવાલા**
પ્રમુખ

**રવિ રાજ દેસાઈ**
ઉપપ્રમુખ

**નિખિલ મદ્રાસી**
તત્કાલીન પૂર્વ પ્રમુખ

**પરેશ લાઠિયા**
માનદ્ મંત્રી

**અતુલ પટેલ**
માનદ્ ખજાનચી

તંત્રી
**વિપુલ સાચપરા**

પ્રકાશક
**ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી**
છઠ્ઠો માળ, સંહતિ બિલ્ડિંગ, SIECC કેમ્પસ, ચેમ્બર ઓફ કોમર્સ રોડ, ખજોદ ચાર રસ્તા પાસે, સરસાણા, સુરત-395007, ગુજરાત, ભારત.
ફોન : +91-261-2291111
(E) info@sgcci.in (w) www.sgcci.in

•

**: સંપર્ક :**
**ધનેન્દ્ર પાટીલ, સેક્રેટરી**

'સમૃદ્ધિ'ના આ અંક વિશે આપના સૂચનો આવકાર્ય છે.

Visit / Follow / Subscribe Us

# અનુક્રમણિકા


01 નવા સંકલ્પો સાથે નવી સફર ....... 04
02 ઉપપ્રમુખ સ્થાનેથી... ....... 05
03 તંત્રીલેખ ....... 05
04 નવો દોર, નવો જોશ ....... 07
05 અશોક જીરાવાલાએ પદભાર સંભાળતા સરસાણામાં અનરાધાર વધામણાં ... 15
06 સુરતી કાપડનો ગ્લોબલ વટ ....... 16
07 કોડિંગના કલાકો નહીં, 'આઉટકમ' વેચો! ....... 19
08 બંદરો પર અટવાયેલા પોલિએસ્ટર FDY યાર્નના કન્ટેનરો આખરે મુક્ત થયા! ....... 21
09 ECLGS 5.0 લોન પરની સ્ટેમ્પ ડ્યૂટી માફ કરવા મુખ્યમંત્રીને રજૂઆત ....... 22
10 દિવાળી સુધીમાં સોનામાં સુપર તેજી ....... 23
11 ગુજરાતની નવી ઔદ્યોગિક નીતિ ....... 25
12 ટુરિઝમ સેક્ટરમાં કમાણીની સુવર્ણ તક ....... 27
13 શ્રીલંકા પ્રવાસનનો સુરતમાં ભવ્ય રોડ શો ....... 29
14 દેખાડાવાળું જીવન મધ્યમ વર્ગને દેવા તરફ ધકેલશે ....... 30
15 ₹ 25 કરોડથી આગળ... હવે બિઝનેસને આપો નવી ઉડાન! ....... 31
16 સુરત એરપોર્ટના વિકાસમાં સ્થાનિક ઉદ્યોગોને અગ્રીમતા ....... 32
17 GSTAT અપીલ ફાઇલિંગ પ્રક્રિયા અંગે ચેમ્બરનો મેગા સેમિનાર ....... 33
18 પરિવારમાં શાંતિ તો જ બિઝનેસ શક્તિશાળી ....... 35
19 પ્રચંડ રાહત: ૩ મહત્વના યાર્ન પર એન્ટી-ડમ્પિંગ ડ્યૂટી નહીં ....... 36
20 વૈશ્વિક બજારની જરૂરિયાતો મુજબ સુરતના યુવાનોને સજ્જ કરશે ચેમ્બર! ... 37
21 કાપડના ટેસ્ટિંગ માટે સુરતમાં સ્થપાશે અદ્યતન લેબોરેટરી ....... 38
22 સુરત બનશે નેશનલ MMF જ્ઞાન કેન્દ્ર ....... 39
23 કેન્સર સામે ડરવાનું નહીં, જાગવાનું છે! ....... 40
24 સુરતના આકાશને મોટી આશા ....... 42
25 SGCCIની રજૂઆત રંગ લાવી ....... 44
26 નવો દેશ, નવી ક્ષિતિજ ....... 45
27 સોલર ઉદ્યોગ પર નિયમોનું 'ગ્રહણ' ....... 46
28 અખબારી મથાળામાં ચેમ્બર ....... 48

# નવો દોર, નવો જોશ

## એસજીસીસીઆઈનો 86મો પદગ્રહણ સમારોહ દબદબાભેર સંપન્ન

## ચેમ્બરના પ્રમુખપદે અશોક જીરાવાલાએ સંભાળ્યું સુકાન

## ઉપપ્રમુખપદે રવિ રાજ દેસાઈ



દક્ષિણ ગુજરાતના ઉદ્યોગ જગતની સર્વોચ્ચ સંસ્થા 'ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી' (SGCCI)માં ૬ જૂન ૨૦૨૬ ના રોજ એક ભવ્ય અને ઐતિહાસિક નવા યુગનો પ્રારંભ થયો છે. સરસાણા સ્થિત ઇન્ટરનેશનલ એક્ઝિબિશન એન્ડ કન્વેન્શન સેન્ટર (SIECC) ખાતે ઉદ્યોગ જગત, ન્યાયતંત્ર અને રાજકીય ક્ષેત્રના ટોચના દિગ્ગજોની ગરિમામય ઉપસ્થિતિમાં ચેમ્બરનો ૮૬મો પદગ્રહણ વિધિ સમારોહ સંપન્ન થયો.

વર્ષ ૨૦૨૫-૨૬ના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી પોતાની અવિસ્મરણીય અને સફળ ૩૬૫ દિવસની ઇનિંગ પૂર્ણ કરી સંસ્થાનું સુકાન જાણીતા ટેક્સટાઇલ લીડર શ્રી અશોક જીરાવાલાને સોંપ્યું, જ્યારે નવા








ઉપપ્રમુખ તરીકે એનર્જેટિક યુવા અગ્રણી શ્રી રવિરાજ દેસાઈએ પદભાર ગ્રહણ કર્યો.

**પાટીલની પંચલાઇન: ૭ પેઢી માટે 'જળ સંચય' કરો**

સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત કેન્દ્રીય જળશક્તિ મંત્રી શ્રી સી.આર. પાટીલે ઉદ્યોગપતિઓને પર્યાવરણ અને જળ સુરક્ષાનો અરીસો બતાવતા કહ્યું કે, "દેશના આર્થિક વિકાસમાં સુરતના ઉદ્યોગોનું પ્રદાન અજોડ છે, પણ હવે સમય પાકી ગયો છે કે ઉદ્યોગકારો જળ સંચયની સામાજિક જવાબદારી ઉપાડે. તમે તમારી મહેનતથી ભલે ૭ પેઢીનું ધન સંચિત કરી લીધું હોય, પણ જો ભવિષ્યની પેઢી માટે પાણી સંચિત નહીં કરો તો બધું નકામું છે, કેમ કે 'જલ છે તો કલ છે'."

**હર્ષ સંઘવીનો હાઇ-ટેક એજન્ડા: ૨૩ જટિલ પ્રક્રિયાઓ નાબૂદ, હવે AIથી સબસિડી ડાયરેક્ટ ખાતામાં!**

રાજ્યના નાયબ મુખ્યમંત્રી અને ઉદ્યોગમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ વ્યાપારીઓને પાવરફુલ આશ્વાસન આપતા સ્ટેજ પરથી જાહેર કર્યું હતું કે, "ગુજરાતે દેશમાં સૌથી ઝડપી સબસિડી ક્લિયર કરવાનો ઓલ-ટાઇમ રેકોર્ડ બનાવ્યો છે. ઉદ્યોગોને સરકારી બાબુશાહીમાંથી મુક્તિ અપાવવા માટે અમે ૨૩ જેટલા જટિલ પ્રક્રિયાઓ અને દસ્તાવેજો કાયમ માટે નાબૂદ કરી દીધા છે. હવે અમારો આગામી ટાર્ગેટ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI)









નો ઉપયોગ કરીને ટેક્સટાઇલ સબસિડી કોઈ પણ વચેટિયા વિના સીધી ઉદ્યોગકારોના બેંક ખાતામાં જમા કરાવવાનો છે. વેપારના હિતમાં ગમે ત્યારે અડધી રાત્રે પણ મારો સંપર્ક કરજો, સરકાર તમારી પડખે ઊભી છે." તેમણે નવા પ્રમુખ શ્રી અશોકભાઈને કહ્યું કે ઉદ્યોગના હિતનું કોઇ પણ કામ સરકાર પાસે વટથી કરાવજો.

**નિખિલ મદ્રાસીની વિદાય**

જઈ રહેલા પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીના કાર્યકાળના અહેવાલે સમગ્ર ઓડિયન્સને પ્રભાવિત કર્યું હતું. તેમના નેતૃત્વમાં કરાયેલી સચોટ રજૂઆતોને પગલે દક્ષિણ ગુજરાતના ઉદ્યોગોને ૧૭,૧૦૫ કરોડ રૂપિયાનો જંગી આર્થિક લાભ થયો છે. તેમણે તેમના કાર્યકાળ દરમિયાન ૬ આંતરરાષ્ટ્રીય પ્રવાસો યોજ્યા, જેમાં દેશના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુ સાથે બોત્સ્વાનાની ઐતિહાસિક મુલાકાત દરમિયાન સુરતના KP ગ્રુપે ૩૬,૦૦૦ કરોડ રૂપિયાના કરાર (MOU) કરીને નવો ગ્લોબલ રેકોર્ડ બનાવ્યો હતો. ચેમ્બરના પૂર્વ પ્રમુખ શ્રી કમલેશ યાજ્ઞિકે અભિનંદન ઠરાવ વાંચતા જ આખો હોલ ઊભો થઈ ગયો હતો અને મદ્રાસીને 'સ્ટેન્ડિંગ ઓવેશન' આપ્યું હતું.

**જીરાવાલાનો લલકાર: દુનિયા જ્યાં પૂર્ણવિરામ મૂકે, સુરત ત્યાંથી નવો ઇતિહાસ લખે!**

નવા પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ પદગ્રહણ કરતાની સાથે




LLATION CEREMONY
of
SGCCI
of Commerce & Industry
INSTALLATION
CEREMONY
RAVI RAJ DESAI
Saturday, 6th June, 2026 / Time: 05:00 pm
Venue: SIECC Dome, Chamber of Commerce Road, Sarsana, Surat.
SHADE & LIG


CEREMONY
Saturday, 6th June, 2026 / Time: 05:00 pm












જ પોતાના પાવરફુલ ઉદ્‌બોધનમાં સુરતની આર્થિક તાકાતના આંકડા રજૂ કરતા કહ્યું: દક્ષિણ ગુજરાત પાસે રાજ્યનો માત્ર ૧૫% ભૌગોલિક હિસ્સો છે, પણ ગુજરાતના GDPમાં આપણો સિંહફાળો ૩૦% છે! દેશના કુલ ઉત્પાદનમાં ૧૭% અને ભારતના કુલ એક્ષ્પોર્ટ વેપારમાં આપણો હિસ્સો ૨૭%નો છે. સુરત એકલું દર વર્ષે ૧૮,૦૦૦ કરોડ રૂપિયાનો ઇન્કમટેક્સ અને ૭,૦૦૦ કરોડ રૂપિયાથી વધુ GST દેશની તિજોરીમાં જમા કરાવે છે. આપણી માત્ર ૫ લિસ્ટેડ કંપનીઓનું માર્કેટ કેપ જ ૬૩,૦૦૦ કરોડ રૂપિયા ને પાર છે. દુનિયા આજે ભારત તરફ જુએ છે અને ભારત સુરત તરફ!" સુરત દેશના ઉત્પાદનમાં ૬૫% અને વિશ્વના ફેબ્રિક ઉત્પાદનમાં ૩૦% નો હિસ્સો ધરાવે છે, જ્યાં રોજ ૬ કરોડ મીટર કાપડ બને છે અને ૨૦ લાખ લોકોને રોજગારી મળે છે.

તેમણે આગામી વર્ષ માટે "Business Beyond Excellence" (શ્રેષ્ઠતાથી પણ આગળ)ની ટેગ લાઈન રજૂ કરતા મહત્વપૂર્ણ સંકલ્પો જાહેર કર્યા:

**૧. ૨૪X૭ ઔદ્યોગિક હેલ્પલાઇન:** ઉદ્યોગકારોને કોઈ પણ આપત્તિ, લીગલ પ્રશ્ન કે વિકટ પરિસ્થિતિમાં ચોવીસે કલાક લાઈવ ગાઈડન્સ અને સરકારી સંકલન પૂરું પાડવા વિશેષ હેલ્પલાઇન શરૂ થશે.

**૨. બિઝનેસ લાઇબ્રેરી:** SGCCIના હેડક્વાર્ટર ખાતે એક એવી આધુનિક ડિજિટલ લાઇબ્રેરી બનશે, જે પુસ્તકોની સાથે-સાથે સરકારની તમામ નવી સ્કીમ્સ અને સબસિડીની સચોટ માહિતી નાનામાં નાના એમએસએમઈ (MSME) વ્યાપારી સુધી ઓન-ધ-સ્પોટ પહોંચાડશે.

**૩. સ્ટાર્ટઅપ માટે ઓપન ચેલેન્જ:** યુવા સાહસિકોને પ્રોત્સાહિત કરતા તેમણે કહ્યું કે, "તમારું બેકગ્રાઉન્ડ કે કોઈ મોટા માણસની ભલામણ અહીં નહીં ચાલે, માત્ર આઇડિયા અને આવડત જોઈશે. ફંડની ચિંતા છોડો – 'જિસકે આઈડિયા મેં હૈ દમ, ઉસકે સાથ હૈ હમ'."

**૪. SGCCI એક્સીલરેટ-પ્રો પ્રોગ્રામ:** વાધવાણી ફાઉન્ડેશન, અટીરા (ATIRA) અને એએમએ (AMA)ના વ્યૂહાત્મક સહયોગથી ટેક્સટાઇલ અને ડાયમંડ ઇન્ડસ્ટ્રી માટે ખાસ સેક્ટર-વાઇઝ પ્લેબુક તૈયાર કરાશે, જેથી નવી પેઢી અગાઉના અનુભવના પાયા પરથી સીધો હાઇ-ટેક ગ્રોથ કરી શકે.

**૫. ગ્રીન થીમ અને ગ્લોબલ બ્રાન્ડિંગ:** સુરત સ્વચ્છતામાં નંબર વન બન્યા બાદ હવે તેને હરિયાળું બનાવવા ચેમ્બર ગ્રીન થીમ પર કામ કરશે. સ્વિસ વોચ કે ફ્રેન્ચ ફેશનની જેમ સુરતના ડાયમંડ અને ટેક્સટાઇલને 'વૈશ્વિક બ્રાન્ડ' તરીકે પ્રસ્થાપિત કરાશે.

**૬. મેડિકલ ટુરિઝમ અને કો-વર્કિંગ સ્પેસ:** સુરતમાં હેલ્થકેર ક્ષેત્રને વેગ આપવા મેડિકલ ટુરિઝમ હબ અને યુવા પ્રોફેશનલ્સ માટે અત્યાધુનિક કો-વર્કિંગ સ્પેસ ઊભી કરાશે.

**૭. સિંગલ વિન્ડો ક્લિયરન્સ અને CFC:** નવા ઉદ્યોગો માટે સિંગલ વિન્ડો ક્લિયરન્સ અને નાના કારીગરોને આધુનિક ટેક્નોલોજીનો લાભ આપવા કોમન ફેસિલિટી સેન્ટર (CFC) ને યુદ્ધના ધોરણે ઓપરેશનલ કરાશે.

બાલાજી વેફર્સના ચંદુભાઈ વિરાણીના બિઝનેસ માઇન્ડના વખાણ કરતા તેમણે જણાવ્યું કે વડાપ્રધાનશ્રીએ બંગાળમાં જે ઝાલમૂરીનો સ્વાદ માણ્યો, ચંદુભાઈએ તેમાં પણ નવો બિઝનેસ આઇડિયા શોધી કાઢ્યો, જે સાચા ઉદ્યોગપતિની ઓળખ છે. સમારોહમાં સુપ્રીમ કોર્ટના જસ્ટિસ શ્રી જે.કે. મહેશ્વરીએ 'ઈઝ ઓફ ડુઇંગ બિઝનેસ' માટે કોર્ટ કચેરીના બદલે વ્યાપારી વિવાદોના ઝડપી નિકાલ માટે 'મીડિએશન' (મધ્યસ્થતા) પર ભાર મૂક્યો હતો, જ્યારે પર્સિસ્ટન્ટ સિસ્ટમ્સના ડૉ. આનંદ દેશપાંડેએ AIને મોટું પ્રોડક્ટિવિટી બુસ્ટર ગણાવ્યું હતું. આ પ્રસંગે શ્રી ચંદુભાઈ વિરાણીએ પણ પોતાની સંઘર્ષમય ધંધાકીય સફર વર્ણવી પ્રેરણા આપી હતી, જ્યારે આચાર્ય ડૉ. લોકેશ મુનિએ પણ પ્રાસંગિક ઉદ્‌બોધન કરી આશીર્વાદ પાઠવ્યા હતા.

**ગરિમામય ઉપસ્થિતિ: ઉદ્યોગ અને શાસનના દિગ્ગજો એક જ મંચ પર**

આ ભવ્ય સમારોહમાં ૧૫૦થી વધુ ઔદ્યોગિક એસોસિએશનોના પ્રમુખો ઉપરાંત રાષ્ટ્રીય અને સ્થાનિક સ્તરની અનેક નામાંકિત હસ્તીઓ ઉપસ્થિત રહી હતી, જેમાં મુખ્યત્વે:



• **ન્યાયતંત્ર અને રાજકીય નેતૃત્વ:** સુપ્રીમ કોર્ટના માનનીય જસ્ટિસ શ્રી જે.કે. મહેશ્વરી, કેન્દ્રીય મંત્રી શ્રી સી.આર. પાટીલ, નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી, ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ શ્રી પૂર્ણેશભાઈ મોદી, રાજ્યના મંત્રી શ્રી પ્રફૂલ્લભાઈ પાનશેરિયા અને સુરતના મેયર શ્રીમતી માયાબેન માવાણી.

• **સંસદ સભ્યો:** રાજ્યસભાના સાંસદ શ્રી ગોવિંદભાઈ ધોળકિયા, સુરતના સાંસદ શ્રી મુકેશભાઈ દલાલ, વલસાડના સાંસદ શ્રી ધવલભાઈ પટેલ.

• **કોર્પોરેટ અને ગ્લોબલ લીડર્સ:** પર્સિસ્ટન્ટ સિસ્ટમ્સના ડૉ. આનંદ દેશપાંડે, બાલાજી વેફર્સના શ્રી ચંદુભાઈ વિરાણી, વાધવાણી ફાઉન્ડેશનના શ્રી વિશાલ ચઢ્ઢા અને જેટ્રો (JETRO) અમદાવાદના ડિરેક્ટર જનરલ શ્રી યુ યોશિદા.

• **પ્રશાસનિક અને સામાજિક અગ્રણીઓ:** સુરત પોલીસ કમિશનર શ્રી અનુપમસિંગ ગેહલોટ, સુરત મનપા કમિશનર શ્રી નાગરાજન, સુરત મનપામાં શાસક પક્ષના નેતા શ્રીમતી અલ્પાબેન મહેતા, આચાર્ય ડૉ. લોકેશ મુનિ, ચેમ્બરના પૂર્વ પ્રમુખો (જેમાં શ્રી કમલેશ યાજ્ઞિક અને શ્રી વિજયભાઈ મેવાવાલા સામેલ છે), માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલા, માનદ્ ખજાનચી સીએ મીતીશ મોદી અને ઓલ એક્ઝીબીશન ચેરમેન શ્રી કિરણ ઠુમ્મર સહિત હજીરાની અગ્રણી કંપનીઓના પ્રતિનિધિઓ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

## નવી ટીમની જાહેરાત

પદગ્રહણ વહેલી સાંજે સંપન્ન થતાં જ નવા પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ વર્ષ 2026-27ના કાર્યકાળ માટે પોતાની નવી ટીમ અને પદાધિકારીઓની સત્તાવાર જાહેરાત કરી હતી. આ નવી ટીમમાં:

• **માનદ્ મંત્રી:** શ્રી પરેશ લાઠિયા ની વરણી કરવામાં આવી છે.

• **માનદ્ ખજાનચી:** શ્રી અતુલ પટેલના નામની જાહેરાત કરાઈ છે.

આ નવી ઊર્જાવાન ટીમ આગામી 1 વર્ષ સુધી દક્ષિણ ગુજરાતના તમામ ઔદ્યોગિક સેગમેન્ટ્સ અને નીતિગત નિર્ણયોનું સુકાન સંભાળશે.




# SGCCI ચાર્જ હેન્ડઓવર

## પૂર્વ હોદ્દેદારોએ નવનિયુક્ત પદાધિકારીઓને સત્તાવાર રીતે સોંપ્યું ચેમ્બરનું સુકાન

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (SGCCI)ના વર્ષ 2026-27ના નવનિયુક્ત હોદ્દેદારોએ વિધિવત્ રીતે સંસ્થાનો પદભાર અને તમામ જવાબદારીઓ સંભાળી લીધી છે. સરસાણા ખાતે યોજાયેલા 86મા ભવ્ય પદગ્રહણ સમારોહના બીજા જ દિવસે રવિવારે વર્ષ 2025-26 ના હોદ્દેદારોએ વર્ષ 2026-27ની નવી ટીમને સંસ્થાનો ચાર્જ સુપરત કર્યો હતો.

ચેમ્બરની ભવ્ય પરંપરા મુજબ, વિદાય લેતા પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ શ્રી અશોક જીરાવાલાને ઓફિશિયલ પ્રમુખની ચેર સોંપીને પદભાર સુપરત કર્યો હતો અને પુષ્પગુચ્છથી તેમનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. જે બાદ, નવા પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ વર્ષ 2026-27ના નવનિયુક્ત ઉપપ્રમુખ તરીકે શ્રી રવિરાજ દેસાઈને પુષ્પગુચ્છ અર્પણ કરી આવકાર્યા હતા.

**તમામ મહત્વના હોદ્દાઓનું સત્તાવાર હસ્તાંતરણ નીચે મુજબ સંપન્ન થયું હતું:**

- **તત્કાલીન પૂર્વ પ્રમુખ:** શ્રી વિજય મેવાવાલાએ આ મહત્વનો ચાર્જ શ્રી નિખિલ મદ્રાસીને સુપરત કર્યો હતો.
- **માનદ્ મંત્રી:** શ્રી બિજલ જરીવાલાએ પોતાનો પદભાર નવા મંત્રી શ્રી પરેશ લાઠિયાને સોંપ્યો હતો.
- **માનદ્ ખજાનચી:** સીએ મિતેષ મોદીએ તિજોરીનો ચાર્જ નવા ખજાનચી શ્રી અતુલ પટેલને સુપરત કર્યો હતો.
- **ઑલ એક્ઝિબિશન ચેરમેન:** શ્રી કિરણ ઠુમ્મરે એક્ઝિબિશન વિંગનું સુકાન શ્રી મનીષ કાપડિયાને સોંપ્યું હતું.
- **લેડીઝ વિંગ ચેરપર્સન:** શ્રીમતી મયુરી મેવાવાલાએ લેડીઝ વિંગની કમાન શ્રીમતી અલ્પા મદ્રાસીને સુપરત કરી હતી.




SGCCI




SGCCI





# અશોક જીરાવાલાએ પદભાર સંભાળતા સરસાણામાં અનરાધાર વધામણાં

## શહેરના અગ્રણીઓ અને રાજકીય મહાનુભાવોનો સરસાણા ખાતે જમાવડો



ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (SGCCI)ના નવનિયુક્ત પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ સત્તાવાર રીતે ચેમ્બરના સર્વોચ્ચ હોદ્દાનો કાર્યભાર સંભાળી લીધો છે. તેઓએ હોદ્દો સંભાળતાની સાથે જ સરસાણા સ્થિત ચેમ્બર ઓફિસ ખાતે તેમને રૂબરૂ મળીને શુભકામનાઓ પાઠવવા માટે સુરત શહેરના અગ્રણી ઉદ્યોગપતિઓ, સામાજિક આગેવાનો અને ટોચના રાજકીય મહાનુભાવોનો પ્રવાહ શરૂ થયો હતો.

**ચેમ્બર પ્રમુખને શુભેચ્છા પાઠવનારા મુખ્ય મહેમાનો**

**• રાજકીય લીડર્સ:**

1. શ્રી મુકેશ દલાલ - માનનીય સાંસદ, સુરત
2. શ્રી અરવિંદ રાણા - માનનીય ધારાસભ્ય, સુરત

**• ઉદ્યોગ અને સમાજ:** સુરત શહેરના વિવિધ વેપાર-ઉદ્યોગ સંગઠનોના અગ્રણીઓ, ડેવલપર્સ, વિવિધ ટેક્સટાઇલ અને ડાયમંડ એસોસિએશનના હોદ્દેદારો, સામાજિક અગ્રણીઓ

**સુરતના વિકાસને નવી ઊંચાઈએ લઈ જવાનો સંકલ્પ**

આ ગૌરવપૂર્ણ મુલાકાત દરમિયાન સુરતના સાંસદ શ્રી મુકેશ દલાલ અને ધારાસભ્ય શ્રી અરવિંદ રાણાએ પુષ્પગુચ્છ આપીને શ્રી અશોક જીરાવાલાનું સન્માન કર્યું હતું. રાજકીય નેતાઓએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે શ્રી જીરાવાલાના બહોળા અનુભવ અને દીર્ઘદૃષ્ટિથી દક્ષિણ ગુજરાતના વ્યાપારિક હિતોને વૈશ્વિક પ્લેટફોર્મ મળશે અને કેન્દ્ર તેમજ રાજ્ય સરકાર તરફથી ચેમ્બરની તમામ હકારાત્મક રજૂઆતોને સંપૂર્ણ સહયોગ મળશે.

શ્રી અશોક જીરાવાલાએ તમામ મહાનુભાવોનો હૃદયપૂર્વક આભાર માનતા જણાવ્યું હતું કે, ચેમ્બર આગામી સમયમાં ઉદ્યોગોના હિત અને રોજગારીના સર્જન માટે સરકાર સાથે મળીને વધુ મક્કમતાથી કામ કરશે.







# સુરતી કાપડનો ગ્લોબલ વટ

## ‘વિવનીટ’ હવે બન્યું ‘ગ્લોબલ ફેબ્રિક એક્સ્પો’: ૩ દિવસ, ૩૫,૦૦૦ વિઝિટર્સ અને ઓર્ડર્સનો ધૂમ વરસાદ!

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (SGCCI) દ્વારા સરસાણા સ્થિત સુરત ઇન્ટરનેશનલ એક્ઝિબિશન એન્ડ કન્વેન્શન સેન્ટર (SIECC) ખાતે આયોજિત ત્રણ દિવસીય ‘ગ્લોબલ ફેબ્રિક એક્ષ્પો-2026’ નું ભવ્ય અને સફળ સમાપન થયું છે. વર્ષો સુધી ‘વિવનીટ’ તરીકે ઓળખાતું આ પ્રદર્શન આ વર્ષે વધુ વિશાળ, વૈશ્વિક અને મોટા વિઝન સાથે આયોજિત કરાયું હતું, જેમાં એક્ઝિબિટર્સને દેશ-વિદેશના બાયર્સ તરફથી ₹600 કરોડથી વધુનો સ્પોટ અને પ્રોસ્પેક્ટિવ બિઝનેસ સાંપડ્યો છે.

**તાપી-સોનગઢના વિકાસ માટે ઉદ્યોગકારોને મંત્રીશ્રીનું આહવાન**

ગુજરાત સરકારના ઉદ્યોગ રાજ્ય મંત્રી ડૉ. જયરામ ગામિતે જણાવ્યું કે, “સુરતના ઉદ્યોગકારોએ ક્વોલિટી, ઇનોવેશન અને ટેક્નોલોજીના આધારે વૈશ્વિક સ્તરે પોતાની ઓળખ બનાવી છે. પીએમ નરેન્દ્ર મોદી અને સીએમ ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ઇન્ડસ્ટ્રિયલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને ગ્લોબલ વિન્ડો ક્લિયરન્સના કારણે સુરત આજે ‘વિકસિત ભારતનું એન્જિન’ બન્યું છે.”







# સુરતમાં 'ગ્લોબલ ફેબ્રિક એક્ષ્પો-2026' સંપન્ન: 35,000 વિઝિટર્સની મુલાકાત સાથે ₹600 કરોડથી વધુનો રેકોર્ડબ્રેક વ્યાપાર!

## ઉદ્‌ઘાટન સમારોહના ગૌરવવંતા મહાનુભાવો

• **મુખ્ય અતિથિ & ઉદ્‌ઘાટક:** ડૉ. જયરામ ગામિત (માનનીય ઉદ્યોગ રાજ્ય મંત્રી, ગુજરાત સરકાર)

• **અતિથિ વિશેષ:**

1. શ્રી મુરુગન થેન્કોન્ડાર - ગ્લોબલ પ્રેસિડેન્ટ (બિઝનેસ ડેવલપમેન્ટ), ગ્રાસિમ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ
2. શ્રી અજય અજમેરા - સીઈઓ અને સંસ્થાપક, અજમેરા ફેશન લિમિટેડ
3. શ્રી અમિત ડોબરિયા - સંસ્થાપક, સર્જન ઈન્ટરનેશનલ
4. શ્રી રાજનેશ દત્ત - મેનેજર, બોમ્બે ડાઈંગ

• **SGCCI ટીમ:** શ્રી અશોક જીરાવાલા (પ્રમુખ), શ્રી પરેશ લાઠિયા (માનદ્ સેક્રેટરી), શ્રી અતુલ પટેલ (માનદ્ ખજાનચી), શ્રી નિખિલ મદ્રાસી (તત્કાલીન નિવૃત્ત પ્રમુખ), શ્રી મનિષ કાપડિયા (ઓલ એક્ઝિબિશન ચેરમેન અને ઉદ્‌ઘાટન સમારોહનું સંચાલન) અને શ્રી હરેશ પટેલ (એક્સ્પો ચેરમેન).

તેમણે સુરતના ઉદ્યોગપતિઓને ટેક્સટાઇલ સેક્ટરનો વિસ્તાર તાપી અને સોનગઢ જિલ્લાના કુકરમુંડા, સાકરદા, ચીખલીપાડા અને ઉચ્છલ જેવા ગ્રામ્ય વિસ્તારોમાં કરવા આમંત્રણ આપ્યું હતું, જેથી ત્યાંના આદિવાસી યુવાનોને રોજગારી મળી શકે. તેમણે ચેમ્બર પ્રમુખ અશોક જીરાવાલાની વ્યારા અને વાલોડને કેટેગરી-1 માં મૂકવાની રજૂઆતને પણ બિરદાવી હતી.

**લોકલ ટુ ગ્લોબલ: ઘાના અને નેધરલેન્ડના બાયર્સે લીધી મુલાકાત**

ચેમ્બર પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ એક્સ્પોની ભવ્ય સફળતા અંગે જણાવ્યું કે, "આપણું લક્ષ્ય હવે માત્ર 'લોકલ ટુ નેશનલ' નહીં પણ 'લોકલ ટુ ગ્લોબલ' છે. આ નામને સાર્થક કરતા એક્સ્પોમાં 3 દિવસ દરમિયાન 35,000 થી વધુ વિઝિટર્સે મુલાકાત લીધી હતી. આ મુલાકાતીઓમાં ભારતની 15 થી વધુ મુખ્ય કાપડ મંડીઓ (જેમ કે જયપુર, પૂણે, બનારસ, હૈદરાબાદ, કોલકાતા, મુંબઈ અને દિલ્હી)ના 2,500 થી વધુ જેન્યુઈન બાયર્સ ઉપરાંત ખાસ કરીને ઘાના અને નેધરલેન્ડથી આવેલા




**સાલસા પ્રિન્ટ અને પશ્મિના જેકેટની ધૂમ: ગ્લોબલ એક્સ્પોમાં સુરતી ફેબ્રિક્સ સુપરહિટ!**













આંતરરાષ્ટ્રીય ખરીદદારો આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા."

**ઇનોવેટિવ પ્રોડક્ટ્સ અને ફ્યુચર ફેબ્રિક્સનું પ્રદર્શન**

એક્સ્પોના ચેરમેન ડૉ. હરેશ પટેલે વ્યાપારી ટ્રેન્ડ્સ અંગે જણાવ્યું કે બજારમાં હોમ ફર્નિશિંગ, નાયલોન અને વોટરજેટના ફેબ્રિક્સની ભારે પૂછપરછ રહી હતી. પ્રદર્શનમાં મુખ્યત્વે નીચેની આધુનિક પ્રોડક્ટ્સ આકર્ષણનું કેન્દ્ર બની હતી:

• **ટેક્નોલોજી ફેબ્રિક્સ:** વિસ્કોસ ફેબ્રિક પર લેટેસ્ટ પોઝિશન પ્રિન્ટ, એરજેટ મશીન પર બનેલા સાલસા પ્લેન અને સાલસા બુટી.

• **હોમ ટેક્સટાઇલ:** ઇન્ટિગ્રેટેડ યુનિટ્સ દ્વારા તૈયાર કરાયેલા બ્લેક-આઉટ કર્ટેન્સ, માઇક્રો ફાઇબર બેડશીટ્સ, ડ્યુવેટ્સ અને અલ્ટ્રાસોનિક ફેબ્રિક્સ.

• **લક્ઝરી અને ઇકો-ફ્રેન્ડલી ફેશન:** પશ્મિના બોમ્બર જેકેટ ફેબ્રિક, લૂમ પર સીધું એમ્બ્રોઇડરી ઇફેક્ટ આપતું પ્રીમિયમ 'લપેટ એમ્બ્રોઇડરીડ ફેબ્રિક' (Lappet Fabric) અને ટેક્સટાઇલ વેસ્ટમાંથી બનેલું ઇકો-ફ્રેન્ડલી રિસાયકલ કોટન ફેબ્રિક.

**ગ્લોબલ એક્સપર્ટ્સની ઉદ્યોગકારોને 4 ગોલ્ડન ટીપ્સ**

સેમિનાર દરમિયાન બોમ્બે ડાઇંગ અને ગ્રાસિમ ઇન્ડસ્ટ્રીઝના એક્સપર્ટ્સે સુરતના વ્યાપારીઓને વૈશ્વિક સ્પર્ધામાં ટકી રહેવા માટે મહત્વના સૂચનો આપ્યા:

**૧. સ્પેશિયાલિટી પર ફોકસ:** આગામી સમય સ્કેલનો (મોટા પ્રોડક્શનનો) નહીં, પણ સ્પેશિયાલિટી અને વેલ્યુ એડિશનનો રહેશે.

**૨. બાયો-ડિગ્રેડેબલ ફેબ્રિક:** વૈશ્વિક સ્તરે પર્યાવરણને અનુકૂળ કાપડની માંગ વધુ હોવાથી રિસાયકલ પ્રોડક્ટ્સ પર ધ્યાન કેન્દ્રિત કરવું.

**૩. કોલાબેરેશન વ્યૂહરચના:** ચીનની જેમ સમસ્યાઓને તકમાં બદલીને કોમ્પિટિટર (સ્પર્ધકો) સાથે કોલાબેરેશન કરીને મોટી વૈશ્વિક માંગને પૂરી કરવી.

**૪. નાના ઓર્ડર્સનું મેનેજમેન્ટ:** સુરતના વિવર્સ વિવિધ વેરાયટીમાં નાના ઓર્ડર મેળવી, તેની સમયસર ડિલિવરી આપીને પોતાનો નિકાસ વ્યાપાર બુસ્ટ કરી શકે છે.






# કોડિંગના કલાકો નહીં, 'આઉટકમ' વેચો!

## SGCCI અને ઇન્ટિગ્રિટી નેટવર્કનું 'આસ્ક મી એનિથિંગ'

સુરતના સોફ્ટવેર ડેવલપર્સ, સાસ (SaaS) ફાઉન્ડર્સ અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI)ના એક્સપર્ટ્સને વૈશ્વિક સ્તરે હરણફાળ ભરાવવા માટે સરસાણા ખાતે એક હાઇ-પ્રોફાઇલ અને માઇન્ડ-બ્લોઇંગ સેમિનાર યોજાઈ ગયો. ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઑફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (SGCCI) અને ઇન્ટિગ્રિટી નેટવર્કના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા વિશેષ 'આસ્ક મી એનિથિંગ' કાર્યક્રમમાં ભારતની આઈટી ક્રાંતિના મહારથી અને પર્સિસ્ટન્ટ સિસ્ટમ્સના સ્થાપક ડૉ. આનંદ દેશપાંડેએ મુખ્ય વક્તા તરીકે હાજરી આપી હતી. તેમણે સુરતના ૨૫ કરોડથી વધુ વાર્ષિક ટર્નઓવર ધરાવતા સિલેક્ટેડ ઉદ્યોગસાહસિકોને AIના આધુનિક યુગમાં બિઝનેસ સ્કેલ-અપ કરવાની પ્રેક્ટિકલ ચાવીઓ આપી હતી.

**કંપનીને 'કાર્પોરેટ જાયન્ટ' બનાવવાની 4 સુવર્ણ ચાવીઓ**

માત્ર ૧૦ કર્મચારીઓથી શરૂઆત કરીને આજે ૨૮,૫૦૦થી વધુ સ્ટાફની વૈશ્વિક કંપની ઊભી કરનાર ડૉ. આનંદ દેશપાંડેએ સ્પષ્ટ કર્યું કે, કંપની ચોક્કસ લેવલે પહોંચ્યા પછી અટકી જાય છે. તે સ્ટેગ્નેશન તોડવા ૪ પાયાના સિદ્ધાંતો અપનાવવા પડશે:

**૧. સ્પષ્ટ ધ્યેય:** પર્વત ચડવા માટે જેમ ટીમ જોઈએ, તેમ ટીમ ભેગી કરતાં પહેલાં ક્યો પર્વત સર કરવો છે તે નક્કી હોવું જોઈએ. જો મિશન પ્રભાવશાળી હશે તો બેસ્ટ ટેલેન્ટ સામેથી આકર્ષાશે.

**૨. માર્કેટ લીડરશીપ:** બહુ મોટા બજારમાં નાના હિસ્સા પાછળ અંધાધૂંધ ભાગવા કરતાં, એવું નાનું ચોક્કસ માર્કેટ પકડો જ્યાં તમે સરળતાથી ૨૦% માર્કેટ શેર મેળવીને લીડર બની શકો.

**૩. 'મારી' નહીં, 'આપણી' કંપની:** ફાઉન્ડરે બધું કામ પોતાની પાસે રાખવાના બદલે ટીમમાં વહેંચવું (Delegate) પડશે. કી-એમ્પ્લોઇઝને ભાગીદાર ગણીને કંપનીના ઇક્વિટી શેર્સ (ESOPs) આપવા પડશે.

**૪. બોર્ડ અને ગવર્નન્સ:** કોર્પોરેટ શિસ્ત માટે બહારના સ્વતંત્ર નિષ્ણાતોનું બોર્ડ બનાવો. ક્વાર્ટરલી મીટિંગોમાં લાગણીઓ કે સંબંધો નહીં, માત્ર પ્યોર ડેટા અને પરફોર્મન્સ જ ચાલશે.

**આઉટકમ બેઝ્ડ પ્રાઇસિંગ: હવે 'માણસોના કલાકો વેચવાનો' પરંપરાગત ધંધો બંધ થશે**

AIના લીધે આવનારા વૈશ્વિક બદલાવો અંગે ચેતવણી આપતા ડૉ. દેશપાંડેએ જણાવ્યું કે, "AI હવે મનુષ્ય કરતાં ઘણું સારું કોડિંગ અને ડેટા એનાલિસિસ કરી શકે છે. તે માત્ર કામની ઝડપ નથી વધારતું, પણ માણસોના પ્રયત્નોને નહિવત્ કરી નાખે છે. તેથી, જો IT કંપનીઓ માત્ર કોડર્સ સપ્લાય કરવાનો

કે ‘મેન-અવર્સ’ (માણસોના કામના કલાકો) વેચવાનો બિઝનેસ કરતી હશે, તો લાંબો સમય ટકી શકશે નહીં.” ભવિષ્યમાં કંપનીઓએ કામના કલાકોના બદલે પરિણામના આધારે (Out-come-based pricing) ચાર્જ કરવો પડશે. વળી, ડેટા લીક થવાના ડરને કારણે આગામી સમયમાં વૈશ્વિક માર્કેટમાં પ્રાઇવેટ ડેટા પર ચાલતા સુરક્ષિત પ્રોપ્રાઇટરી મૉડલ્સ અને AI એજન્ટ્સની જબરદસ્ત ડિમાન્ડ રહેવાની છે.

**ગ્લોબલ માર્કેટ સર કરવાની ‘બફેલો સ્ટ્રેટેજી’**

ભારતીય સ્ટાર્ટઅપ્સ અમેરિકા જેવા મોટા વૈશ્વિક બજારોમાં કેવી રીતે એન્ટ્રી કરી શકે તે અંગે તેમણે એક શાનદાર રૂપક આપ્યું: “નાની કંપનીઓએ નવું માર્કેટિંગ ઊભું કરવામાં કરોડો રૂપિયા વેડફવાની જરૂર નથી. તમારે મોટી વૈશ્વિક કંપનીઓની ઇકોસિસ્ટમ પકડીને ‘ભેંસ પર બેઠેલી માખી’ બનવાનું છે. ભેંસ જ્યાં જશે, માખી આપોઆપ ત્યાં પહોંચી જશે! એટલે કે સેલ્સફોર્સ, માઇક્રોસોફ્ટ કે એમેઝોન AWS જેવા વિશાળ પ્લેટફોર્મ્સની આસપાસ તમારી પ્લગ-એન્ડ-પ્લે પ્રોડક્ટ્સ બનાવો, જેથી તેમના લાખો પ્રી-સેટ ગ્રાહકો સુધી તમારો માલ સીધો પહોંચી જાય.”

**૪ વર્ષમાં ૧૦ ગણો ગ્રોથ: સુરતની 3 ‘૧૦X’ કંપનીઓનું શાહી સન્માન**

સેમિનારના ખાસ આકર્ષણ રૂપે, છેલ્લા ૪ વર્ષના ટૂંકા ગાળામાં પોતાના આઈટી બિઝનેસને ૧૦ ગણો (10X) બમ્પર ગ્રોથ આપનાર સુરતની 3 ટોચની કંપનીઓનું ડૉ. આનંદ દેશપાંડેના હસ્તે ગૌરવવંતું સન્માન કરાયું હતું:

- વસુંધરા ઇન્ફોટેક ના શ્રી સ્વામીશ કાકડિયા
- ડિઝાઇનવિઝ ના શ્રી નૈરવ અને શ્રી પ્રવેશ
- અગ્રણી ઈ-કોમર્સ એગ્રીગેટરના શ્રી સંદીપભાઈ

આ સફળ ફાઉન્ડર્સે ઉપસ્થિત સાહસિકો સાથે પોતાની સ્ટ્રગલ અને સ્કેલિંગની રોમાંચક જર્ની શેર કરી હતી.

આ સક્સેસફુલ ઇવેન્ટને આયોજિત કરનાર કમિટીના સભ્યો સર્વશ્રી ચેતન પટેલ, પુનિત ગજેરા, અમર પંચાલ, નીરવ આલગિયા, સૌમિશ કાકડિયા અને ગણપત ધામેલિયાએ જણાવ્યું હતું કે, સુરતના આઈટી હબને વૈશ્વિક કક્ષાએ કમ્પેટીટીવ બનાવવા આવા ઉચ્ચ સ્તરીય સેમિનારો અવિરત ચાલુ રહેશે. આ પ્રસંગે ચેમ્બરના માનદ્ ખજાનચી શ્રી અતુલ પટેલ, ડૉ. અનિલ સરાવગી અને ડૉ. વિજય રાદડિયા પણ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા અને સાહસિકોનો ઉત્સાહ વધાર્યો હતો.

# પર્સિસ્ટન્ટના ચેરમેન ડૉ. આનંદ દેશપાંડેએ આપ્યો ₹ 25 કરોડથી વધુ ટર્નઓવરવાળા આઈટી લીડર્સને સ્કેલિંગનો ‘બફેલો મંત્ર’



# બંદરો પર અટવાયેલા પોલિએસ્ટર FDY યાર્નના કન્ટેનરો આખરે મુક્ત થયા!

## ગુજરાત હાઇકોર્ટના આદેશ બાદ ચેમ્બર પ્રમુખ અશોક જીરાવાલાની સફળ રજૂઆત; કસ્ટમ્સ વિભાગે આપી લીલી ઝંડી

ગુજરાતના વિવિધ બંદરો પર લાંબા સમયથી ગૂંચવાયેલા પોલિએસ્ટર FDYના કન્ટેનરોને મુક્ત કરવા માટે કસ્ટમ્સ વિભાગે આખરે લીલી ઝંડી આપી દીધી છે. ચેમ્બર ઓફ કોમર્સની સક્રિય અને વેગીલી રજૂઆતના પગલે આ તમામ કન્ટેનરોને બંદરો પરથી ઓફિશિયલી મુક્ત કરવાનો ઐતિહાસિક નિર્ણય લેવાયો, જેના કારણે સુરત સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતના કાપડ ઉદ્યોગને તેનો અટકેલો કાચો માલ સમયસર મળતો થયો છે.

**વિવાદની પૃષ્ઠભૂમિ: હાઇકોર્ટનો મનાઈહુકમ અને કાનૂની ગૂંચ**

આ સમગ્ર વિવાદની શરૂઆત ભારત સરકારના DCPCના આદેશ ક્રમાંક 5134(E)થી થઈ હતી, જેના દ્વારા પોલિએસ્ટર FDY યાર્ન માટેના ક્વોલિટી કંટ્રોલ ઓર્ડર (QCO)ને રદબાતલ કરવામાં આવ્યો હતો. સરકારના આ નિર્ણયને M/s Orillon કંપની દ્વારા ગુજરાત હાઇકોર્ટમાં પડકારવામાં આવ્યો હતો. હાઇકોર્ટે ગત દિવસોમાં સરકારના આદેશ પર 'વચગાળાનો મનાઈહુકમ' (Interim Stay) આપતા કસ્ટમ્સ વિભાગે બંદરો પર આયાતી યાર્નના કન્સાઇનમેન્ટ્સ અટકાવી દીધા હતા, જેના લીધે કરોડો રૂપિયાનું વર્કિંગ કેપિટલ બ્લોક થઈ ગયું હતું.

**સરકારની અપીલ અને હાઇકોર્ટ દ્વારા મનાઈહુકમ રદ**

આ સ્ટે ઓર્ડરની સામે ભારત સરકાર દ્વારા હાઇકોર્ટમાં અપીલ (LPA નં. 419) દાખલ કરવામાં આવી હતી. આ અપીલ પર કાનૂની દલીલો સાંભળ્યા બાદ, માનનીય ગુજરાત હાઇકોર્ટે પોતાના મૌખિક આદેશ દ્વારા અગાઉ આપેલી સ્થગિતીને બદલે આ મનાઈહુકમને સંપૂર્ણપણે રદ કરી દીધો છે. સરકારનો મૂળ આદેશ સમગ્ર પોલિએસ્ટર FDY યાર્ન માટે હોવાથી, હાઇકોર્ટે સ્ટે હટાવતા જ પોલિએસ્ટર FDY યાર્નની આખી શ્રેણી અને તેના તમામ સબ-ગ્રુપ્સ જેવા કે પોલિએસ્ટર મધર યાર્ન અને મોનો યાર્ન પરથી પણ કાનૂની અવરોધો આપોઆપ દૂર થઈ ગયા છે.

**અશોક જીરાવાલાની કસ્ટમ્સના ઉચ્ચ અધિકારીઓ સાથે CCFC બેઠક**

કાનૂની સ્થિતિ સ્પષ્ટ થતાં જ ટેક્સટાઇલ ઉદ્યોગના હિતમાં ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (SGCCI) એ તાત્કાલિક મોરચો સંભાળ્યો હતો. ચેમ્બર ઓફ કોમર્સના




પ્રમુખ શ્રી અશોકભાઈ જીરાવાલાએ ગુજરાતના પ્રિન્સિપાલ ચીફ કમિશનર ઓફ કસ્ટમ્સ શ્રી પ્રણેશ પાઠક, કમિશનર ઓફ કસ્ટમ્સ શ્રી મનીષ કુલહારી અને એડિશનલ કમિશનર ઓફ કસ્ટમ્સ શ્રી રામ વિષ્ણોઈ સાથે CCFC (ક્લીયરન્સ ફેસીલીયેશન કમિટી)ની એક ઉચ્ચ સ્તરીય ઓનલાઇન મીટિંગ કરી હતી.

આ બેઠકમાં ટેક્સટાઇલ જગત માટે બે મોટી નિર્ણાયક જાહેરાતો કરવામાં આવી:

**1. કન્ટેનરો રિલીઝ થયા:** ગુજરાતના જુદા-જુદા પોર્ટ પર અટકેલા પોલિએસ્ટર FDY યાર્ન અને તેના તમામ સબ-ગ્રુપ્સના કન્ટેનરોને ચેમ્બરની સચોટ રજૂઆતના પગલે તાત્કાલિક અસરથી મુક્ત કરવાની પ્રક્રિયા પૂર્ણ કરી દેવાઈ છે.

**2. POY યાર્ન પણ ટૂંક સમયમાં મુક્ત થશે:** કસ્ટમ્સ વિભાગે સત્તાવાર બાહેંધરી આપી છે કે આગામી દિવસોમાં બાકી રહેલી વ્યાપારી પ્રોસેસ પૂર્ણ કરીને POY યાર્નના અટકેલા કન્ટેનરો પણ ઝડપથી રિલીઝ કરાશે.

લાંબા સમયથી કરોડો રૂપિયાનો કાચો માલ બંદરો પર અટવાઈ પડવાના કારણે સુરતના ટેક્સટાઇલ એકમોના ઉત્પાદન પર માઠી અસર પડી રહી હતી. આ ગંભીર સમસ્યાનો સુખદ અને ઝડપી અંત લાવવા બદલ ચેમ્બરના પ્રમુખ શ્રી અશોકભાઈ જીરાવાલાએ કસ્ટમ્સ વિભાગના તમામ ઉચ્ચ અધિકારીઓનો ટેક્સટાઇલ ઉદ્યોગ વતી હૃદયપૂર્વક આભાર માન્યો છે.

# ECLGS 5.0 લોન પરની સ્ટેમ્પ ડ્યૂટી માફ કરવા મુખ્યમંત્રીને રજૂઆત

## પશ્ચિમ એશિયાના તણાવ અને નૂર ખર્ચના વધારા વચ્ચે નાના ઉદ્યોગોને ઉગારવા અશોક જીરાવાલાનો સીએમ ભૂપેન્દ્ર પટેલને પત્ર




પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા ભૂરાજકીય તણાવ અને વૈશ્વિક અનિશ્ચિતતાઓની સીધી અસર ગુજરાતના મેન્યુફેક્ચરિંગ સેક્ટર પર પડી રહી છે. સપ્લાય ચેઇન ખોરવાઈ જવાથી અને ફ્રેટ કોસ્ટ (નૂર ખર્ચ) વધવાથી મુશ્કેલીમાં મુકાયેલા MSME ઉદ્યોગોને આર્થિક ટેકો આપવા માટે 'ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઑફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી' (SGCCI) એ રાજ્ય સરકાર સમક્ષ એક મોટી નીતિગત માંગણી મૂકી છે.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી અશોકભાઈ જીરાવાલાએ રાજ્યના માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલને એક ખાસ પત્ર લખીને વિનંતી કરી છે કે, ભારત સરકારની ECLGS 5.0 (ઇમરજન્સી ક્રેડિટ લાઇન ગેરંટી સ્કીમ) હેઠળ લેવાતી લોનના મોર્ટગેજ ડીડ પર લાગતી સ્ટેમ્પ ડ્યૂટીમાં સંપૂર્ણ મુક્તિ અથવા મોટી રાહત આપવામાં આવે.

**વૈશ્વિક મંદી અને મોંઘી સ્ટેમ્પ ડ્યૂટીનો બેવડો માર**

પશ્ચિમ એશિયાના સંઘર્ષોને કારણે હાલમાં વૈશ્વિક વેપાર, લોજિસ્ટિક્સ અને નિકાસ બજારો પર માઠી અસર થઈ છે. સુરત સહિત સમગ્ર ગુજરાતના નાના ઉદ્યોગકારો હાલમાં કાર્યકારી મૂડીની ભારે અછત, પ્રોડક્શનના વધતા ખર્ચ, માર્કેટમાંથી પેમેન્ટ્સ મળવામાં વિલંબ અને બજારની અનિશ્ચિતતાઓનો સામનો કરી રહ્યા છે.

આવા મુશ્કેલ સમયમાં કેન્દ્ર સરકારની ECLGS 5.0 યોજના વેપારીઓને વધારાની લોન અને લિક્વિડિટી પૂરી પાડીને નવું જીવનદાન આપી શકે તેમ છે. જો કે, આ યોજના હેઠળ લોન મંજૂર કરાવવા માટે પ્રોપર્ટી મોર્ગેજ કરવી પડે છે અને તેના દસ્તાવેજો પર ચૂકવવી પડતી ભારે સ્ટેમ્પ ડ્યૂટી મધ્યમ વર્ગના વેપારીઓ માટે વધારાનો આર્થિક બોજ બની રહી છે.

**સ્ટેમ્પ ડ્યૂટી માફીથી ઉદ્યોગોને થનારા 3 મોટા ફાયદા:**

**1. નાણાકીય પ્રવાહિતા:** જો ગુજરાત સરકાર આ સ્ટેમ્પ ડ્યૂટી માફ કરે તો તેનાથી MSME એકમો માટે બેંકમાંથી લોન લેવાની પ્રક્રિયા સરળ બનશે અને ઉદ્યોગો પાસે વર્કિંગ કેપિટલ આવશે.

**2. રોજગારી રક્ષણ:** વૈશ્વિક મંદી અને ઓર્ડર્સની અછત વચ્ચે પણ કારખાનાઓ ધમધમતા રહેશે, જેથી લાખો કારીગરોની રોજગારી સુરક્ષિત રહેશે.

**3. બ્રાન્ડ ગુજરાત:** દેશભરમાં ગુજરાતની 'ઇન્ડસ્ટ્રી ફ્રેન્ડલી સ્ટેટ' (ઉદ્યોગમૈત્રી રાજ્ય) તરીકેની પ્રતિષ્ઠા વધુ મજબૂત બનશે.

**તાત્કાલિક એક્શન માટે કેબિનેટ અને ટોચના IAS અધિકારીઓ સુધી લોબિંગ**

આ પ્રશ્ન પર રાજ્ય સરકાર દ્વારા ત્વરિત નિર્ણય લેવાય તે માટે ચેમ્બર પ્રમુખ દ્વારા રજૂઆતની નકલો રાજ્યના ગૃહમંત્રી શ્રી હર્ષ સંઘવી, નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈ, મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ ડૉ. જયંતી રવિ (IAS) અને નાણાં વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી ટી. નટરાજન (IAS)ને પણ મોકલીને સત્વરે યોગ્ય પ્રોટોકોલ જાહેર કરવા અપીલ કરાઈ છે.

ચેમ્બર પ્રમુખ શ્રી અશોકભાઈ જીરાવાલાએ આશા વ્યક્ત કરી છે કે મુખ્યમંત્રીશ્રીના સકારાત્મક અભિગમ હેઠળ ગુજરાત સરકાર ટૂંક સમયમાં જ રાજ્યના ટેક્સટાઇલ, ડાયમંડ અને અન્ય MSME સેક્ટરના લાખો પરિવારોના હિતમાં મોટો અને રાહતજનક નિર્ણય જાહેર કરશે.



# દિવાળી સુધીમાં સોનામાં સુપર તેજી

## ફેબ્રુઆરી 2027 સુધી નિફ્ટી-સેન્સેક્સ નબળા રહેશે

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (SGC-CI) દ્વારા "જ્યોતિષ-અંતઃપ્રેરણા, માર્કેટ વ્યુ, કરંટ અફેર્સ અને આધુનિક સમયમાં યુવા જાગૃતિ" વિષય પર એક અત્યંત રસપ્રદ અને માહિતીસભર સેમિનારનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ અનોખા કાર્યક્રમમાં પ્રાચીન જ્ઞાન અને આધુનિક વ્યાપારી વિચારધારાના સમન્વય દ્વારા વ્યવસાય અને જીવનમાં કેવી રીતે પ્રગતિ કરી શકાય તે અંગે ઊંડાણપૂર્વક માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

સેમિનારમાં મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત દેશના ખ્યાતનામ એસ્ટ્રોલોજર શ્રી વિશ્વ વોરાનો પરિચય આપતા ગ્રુપ ચેરમેન ડૉ. વિજય રાદડિયાએ જણાવ્યું હતું કે, માત્ર 23 વર્ષની નાની ઉંમરે શ્રી વિશ્વ વોરાએ અયોધ્યા રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા, સુરત ડાયમંડ બુર્સ અને કેન્દ્રની NDA સરકારની શપથવિધિના અચૂક મુહૂર્તો આપ્યા છે. આ ઉપરાંત અમેરિકાની ચૂંટણીમાં ડોનાલ્ડ ટ્રમ્પની જીતની પણ તેમણે સચોટ આગાહી કરી હતી.




**શેરબજાર, સોના-ચાંદી અને વિવિધ સેક્ટર્સ અંગે મોટી ભવિષ્યવાણી**

દેશની ગ્રહદશા અને કુંડળીના આધારે આગામી બિઝનેસ ટ્રેન્ડ્સ વિશે વાત કરતા વિશ્વ વોરાએ વ્યાપારીઓ માટે મહત્વના સંકેતો આપ્યા હતા:

- **ગોલ્ડ અને સિલ્વર:** તા. 17 જુલાઈ 2026 સુધી સોના-ચાંદીમાં મંદીનો માહોલ રહેશે, જે ઇન્વેસ્ટમેન્ટ અને ખરીદી માટે શ્રેષ્ઠ સમય છે. ત્યારબાદ દિવાળી સુધી સોનામાં સુપર તેજી આવશે અને સોનું રૂ. 2 લાખના આંકડાને પાર કરી જવાની પ્રબળ શક્યતા છે.
- **શેરબજાર:** ફેબ્રુઆરી 2027 સુધી નિફ્ટી અને સેન્સેક્સ નબળા રહેશે. આ ગાળામાં મોટી લિસ્ટેડ કંપનીઓને નુકસાન અને નાની કંપનીઓને (સ્મોલ કેપ) ફાયદો થઈ શકે છે.
- **રિયલ એસ્ટેટ અને એગ્રીકલ્ચર:** રિયલ એસ્ટેટ, ખેતીવાડી અને FMCG સેક્ટર માટે વર્ષ 2026 કઠિન રહેશે, પરંતુ વર્ષ 2027થી તેમાં મોટો ઉછાળો આવશે. કોપર, એલ્યુમિનિયમ, ટેક્સટાઇલ અને પ્લાયવુડ ઇન્ડસ્ટ્રીમાં ખૂબ સારો ગ્રોથ જોવા મળશે.
- **વૈશ્વિક પરિસ્થિતિ અને નિકાસ:** ઓક્ટોબર મહિના સુધી વૈશ્વિક યુદ્ધની સ્થિતિમાં વધઘટ થયા કરશે, ત્યારબાદ ભારતની સરહદો પર આંતરિક સમસ્યાઓ આવી શકે છે. આથી સાઉથ અને વેસ્ટના દેશોમાં એક્સપોર્ટ (નિકાસ) કરનારા વ્યાપારીઓએ વિશેષ સાવચેતી રાખવી.

**જ્યોતિષના 8 મુખ્ય અંગો દ્વારા રોજિંદી જિંદગી અને વ્યાપારના**

# SGCCI મેગા સેમિનાર: અયોધ્યા રામ મંદિરનું મુહૂર્ત આપનાર અને ટ્રમ્પની જીતની સચોટ આગાહી કરનારા એસ્ટ્રોલોજર વિશ્વ વોરાએ શેરબજાર, સોના-ચાંદી અને સેક્ટર્સ અંગે કરી ચોંકાવનારી આગાહી

**નિયમો**

એસ્ટ્રોલોજર શ્રી વિશ્વ વોરાએ સ્પષ્ટ કર્યું કે, જ્યોતિષ કોઈ અંધશ્રદ્ધા કે ચમત્કાર નથી, પરંતુ તે ગણિત આધારિત વિજ્ઞાન છે. કર્મના સિદ્ધાંતો પડછાયાની જેમ માણસની સાથે રહે છે. તેમણે જ્યોતિષના વિવિધ અંગોની વ્યાવસાયિક ઉપયોગિતા સમજાવી હતી:

**૧. મુહૂર્ત શાસ્ત્ર:** નવું કામ વિજય, બ્રહ્મ કે ગોધૂલિ મુહૂર્તમાં કરવું હિતાવહ છે. ભારત સરકારની શપથવિધિ 9 જૂને સાંજે 7:17 વાગ્યે કરાવવા પાછળનું કારણ મજબૂત મુહૂર્ત કુંડળી જ હતી.

**૨. વાસ્તુશાસ્ત્ર:** ઘરમાં મંદિર નાભિથી ઉપર હોવું જોઈએ અને મૂર્તિઓની દ્રષ્ટિ પશ્ચિમ કે દક્ષિણ તરફ હોવી જોઈએ. રસોડાના પાણીયારામાં ચાંદીનો સિક્કો રાખવો અને ગેસના બર્નર બેકી સંખ્યામાં હોવા જોઈએ. કમાનારે દક્ષિણ દિશામાં અને ભણનારે પૂર્વમાં માથું રાખી સૂવું.

**૩. અંકશાસ્ત્ર (Numerology):** નામના સ્પેલિંગમાં માત્ર અક્ષર બદલવાથી ફળ મળતું નથી, પરંતુ તેનાથી જો ઉચ્ચારણમાં ફેરફાર થાય તો જ પરિણામ મળે છે.

**૪. સામુદ્રિક શાસ્ત્ર:** વ્યક્તિની ચાલ પરથી તેનો સ્વભાવ જાણી શકાય છે. બે પગ વચ્ચે જગ્યા રાખી ચાલનાર સાહસિક અને એડી પહેલા મૂકીને ચાલનાર આત્મવિશ્વાસુ હોય છે.

૫. નિમિત્ત અને સ્વપ્ન શાસ્ત્ર: સવારે આવેલું સ્વપ્ન જો યાદ રહે તો જ તે ફળ આપે છે, પરંતુ સારા સ્વપ્નો કોઈને કહેવા જોઈએ નહીં.

૬. પ્રશ્ન, જાતક અને મેદિની જ્યોતિષ: કુંડળી ન હોય તો પ્રશ્ન પૂછવાના સમયના આધારે સચોટ ગણતરી (પ્રશ્ન શાસ્ત્ર) થાય છે, જ્યારે મેદિની જ્યોતિષ દ્વારા દેશ-દુનિયાની ઘટનાઓ અને વૈશ્વિક બજારોની આગાહી થાય છે.

યુવાધનના માનસિક અને સર્વાંગી વિકાસ માટે ચેમ્બરનો પ્રયાસ

ચેમ્બરના ઉપપ્રમુખ શ્રી રવિ રાજ દેસાઈએ સ્વાગત સંબોધનમાં જણાવ્યું કે, આજનો યુવાવર્ગ આસ્થા અને શ્રદ્ધાથી દૂર જઈ રહ્યો છે, ત્યારે વિશ્વના સૌથી યુવા દેશ ભારતને યોગ્ય સમજ અને સંતુલિત વિચારશક્તિની જરૂર છે. માનદ મંત્રી શ્રી પરેશભાઈ લાઠિયાએ જણાવ્યું કે ચેમ્બર માત્ર વેપાર જ નહીં, પરંતુ યુવાધનના માનસિક અને સર્વાંગી વિકાસ માટે પણ સતત કામ કરે છે.

સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન અને આભારવિધિ માનદ્ ખજાનચી શ્રી અતુલ પટેલે કરી હતી. કાર્યક્રમના અંતે શ્રોતાઓના સવાલોના એસ્ટ્રોલોજિકલ પરિપ્રેક્ષ્યમાં રસપ્રદ જવાબો આપવામાં આવ્યા હતા. આ પ્રસંગે ડૉ. અનિલ સરાવગી અને વિવિધ સેક્ટરના અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.



# ગુજરાતની નવી ઔદ્યોગિક નીતિ

## 2 શ્રેણીના તાલુકા અને કરોડોની સબસિડી સાથે ગ્લોબલ મેન્યુફેક્ચરિંગ હબ બનવાનો રોડમેપ




ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (SGC-CI)ના પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ ગુજરાત સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલા નવીનતમ ઉદ્યોગ સાનુકૂળ અને ક્રાંતિકારી નીતિગત સુધારાઓને હૃદયપૂર્વક આવકાર્યા છે. આ વૈશ્વિક સ્તરની સર્વગ્રાહી નીતિ અંતર્ગત રાજ્યમાં વેપાર, ઉદ્યોગ, ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમને નવી ઊંચાઈઓ પર લઈ જવા માટે જે દૂરંદેશી નિર્ણયો લેવામાં આવ્યા છે, તે બદલ તેમણે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને ડેપ્યુટી સીએમ શ્રી હર્ષભાઈ સંઘવીનો સમગ્ર દક્ષિણ ગુજરાતના અગ્રણી ઉદ્યોગપતિઓ વતી વિશેષ આભાર વ્યક્ત કર્યો છે.

ચેમ્બર પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ જણાવ્યું હતું કે, "નવી નીતિમાં તાલુકાઓનું વર્ગીકરણ 3 શ્રેણીમાંથી ઘટાડીને માત્ર 2 શ્રેણી (A - વિકસતા અને B - વિકસિત) કરવામાં આવ્યું છે તે અત્યંત આવકારદાયક પગલું છે. આનાથી વહીવટી પ્રક્રિયા વધુ સરળ બનશે અને પછાત તેમજ વિકાસશીલ વિસ્તારોમાં સંતુલિત ઔદ્યોગિક રોકાણોને મોટો વેગ મળશે. આ ઉપરાંત, MSMEની વ્યાખ્યાને કેન્દ્ર સરકારની સુધારેલી વ્યાખ્યા સાથે સુસંગત કરવાનો નિર્ણય રાજ્યના અસંખ્ય નાના અને મધ્યમ ઉદ્યોગોને રાષ્ટ્રીય સ્તરે સ્પર્ધાત્મક બનાવવામાં સીમાચિહ્નરૂપ સાબિત થશે."

**તમામ કદના પ્રોજેક્ટ્સ માટે સાર્વત્રિક સબસિડી અને થ્રસ્ટ સેક્ટર્સ પર ફોકસ**

આ નીતિની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમાં MSMEથી લઈને Large, Mega અને Ultra Mega એમ તમામ કદના પ્રોજેક્ટ્સ માટે કેપિટલ (મૂડી), વ્યાજ અને વીજળી સબસિડીની સાર્વત્રિક જોગવાઈ કરવામાં આવી છે. માઇક્રો એન્ટરપ્રાઇઝિસ (સૂક્ષ્મ ઉદ્યોગો) માટે પાત્રતા ધરાવતી કેપિટલ સબસિડી માત્ર 1 વર્ષની અંદર જ મુક્ત કરવાની ખાતરી આપવાથી નાના સાહસિકોની વર્કિંગ કેપિટલની સમસ્યાઓનો મોટો ઉકેલ આવશે. ગ્રીન એનર્જી, સેમિકન્ડક્ટર્સ અને ઈ-મોબિલિટી જેવા અત્યાધુનિક 'થ્રસ્ટ સેક્ટર્સ' પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરીને સરકારે ગુજરાતને ભવિષ્યની ગ્લોબલ મેન્યુફેક્ચરિંગ હબ તરીકે સ્થાપિત કરવાનો મજબૂત પાયો નાખ્યો છે.

**સ્ટાર્ટઅપ્સ, ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને ગ્રીન ઇકોનોમી માટે બમ્પર ફંડિંગ**

સરકાર દ્વારા ઇનોવેશન અને પર્યાવરણીય સંતુલન માટે લેવાયેલા નિર્ણયોની પ્રશંસા કરતા શ્રી જીરાવાલાએ જણાવ્યું કે, સ્ટાર્ટઅપ્સ માટે દર મહિને ₹25,000 નું નિર્વાહ ભથ્થું અને મહિલા સંચાલિત સ્ટાર્ટઅપ માટે ₹30,000 નું વિશેષ ભથ્થું તેમજ સામાજિક પ્રભાવ ધરાવતા સ્ટાર્ટઅપ્સ માટે વધારાની સહાય સહિત કુલ ₹40 લાખ સુધીનો સીડ સપોર્ટ યુવા પેઢીને ખૂબ મોટું પીઠબળ પૂરું પાડશે.

ઇન્ડસ્ટ્રિયલ પાર્ક અને R&D (સંશોધન અને વિકાસ) માટે ₹50-50 કરોડની મર્યાદામાં સબસિડી આપવાની જોગવાઈ રાજ્યમાં વર્લ્ડ-ક્લાસ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કરશે. તેમજ સામાન્ય પર્યાવરણ અને ઊર્જા ઇન્ફ્રાસ્ટ્રક્ચર સુવિધાઓ માટે માત્ર ₹1



# અશોક જીરાવાલાએ ઐતિહાસિક સુધારાઓને આવકાર્યા; મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને ડેપ્યુટી સીએમ હર્ષ સંઘવીનો માન્યો આભાર

પ્રતિ યુનિટ વીજળીનો ટેરિફ રાખવાનો અને ZLD (ઝીરો લિક્વિડ ડિસ્ચાર્જ) તથા ક્લીનર પ્રોડક્શન માટે કરોડો રૂપિયાની સબસિડી ફાળવવાનો નિર્ણય દર્શાવે છે કે સરકાર ઔદ્યોગિક પ્રગતિની સાથે પર્યાવરણના જતન માટે પણ એટલી જ કટિબદ્ધ છે.

સમગ્ર દક્ષિણ ગુજરાતના વેપાર-ઉદ્યોગ જગત વતી SGCCI ના પ્રમુખશ્રીએ ફરી એકવાર મુખ્યમંત્રીશ્રી અને ઉદ્યોગ મંત્રીશ્રીની જોડીનો આભાર માનતા વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે આ નવીનતમ સુધારાઓ થકી આગામી દિવસોમાં ગુજરાતમાં વૈશ્વિક રોકાણોનો અભૂતપૂર્વ પ્રવાહ આવશે અને રાજ્યના ઔદ્યોગિક વિકાસમાં એક નવો સુવર્ણ અધ્યાય લખાશે.

**ચેમ્બરની રજૂઆત ફળી!**

દક્ષિણ ગુજરાતના આદિવાસી અને પછાત વિસ્તારોના વિકાસ માટે ચેમ્બર ઓફ કોમર્સની રજૂઆત આખરે રંગ લાવી છે. નવી ઔદ્યોગિક નીતિમાં તાલુકાઓનું જે નવું માળખું જાહેર કરાયું છે, તેમાં ચેમ્બરની માંગણીને સ્વીકારી લેવામાં આવી છે:

- **તાપી જિલ્લો:** વ્યારા અને વાલોડ તાલુકાઓને ઉચ્ચ સબસિડી અને આર્થિક પ્રોત્સાહનો આપતી 'કેટેગરી-A' (વિકસતા તાલુકા)માં સામેલ કરી દેવાયા છે.
- **સુરત જિલ્લો:** ઔદ્યોગિક રીતે પછાત એવા માંગરોળ તાલુકાને પણ વિશેષ પ્રોત્સાહનો આપતી 'કેટેગરી-A'માં સ્થાન મળ્યું છે.

પરિણામ: સસ્તી જમીન, વ્યાપક કનેક્ટિવિટી (NH-6 અને NH-48) અને લોજિસ્ટિક્સના ફાયદા ધરાવતા આ ત્રણેય તાલુકાઓ હવે દક્ષિણ ગુજરાતના નવા મેન્યુફેક્ચરિંગ હબ બનશે, જેથી સ્થાનિક સ્તરે હજારો યુવાનોને રોજગારી મળશે અને મોટું રોકાણ આવશે.

| નીતિના મુખ્ય પાસાઓ | |
|---|---|
| **સેક્ટર / જોગવાઈ** | **નવી નીતિ હેઠળના મુખ્ય લાભો અને આર્થિક પ્રોત્સાહનો** |
| **તાલુકા વર્ગીકરણ** | તાલુકાઓ હવે માત્ર 2 શ્રેણીમાં વહેંચાશે - 'A' (વિકસતા) અને 'B' (વિકસિત). |
| **MSME વ્યાખ્યા** | કેન્દ્ર સરકારના નવા નિયમોને સમકક્ષ કરી રાષ્ટ્રીય સ્તરે સ્પર્ધાત્મક બનાવાશે. |
| **સાર્વત્રિક સબસિડી** | MSME, Large, Mega, Ultra Mega પ્રોજેક્ટ્સને કેપિટલ, વ્યાજ અને પાવર સબસિડી. માઇક્રો યુનિટ્સની સબસિડી 1 વર્ષમાં પાસ થશે. |
| **થ્રસ્ટ સેક્ટર્સ** | ગ્રીન એનર્જી, સેમિકન્ડક્ટર્સ અને ઈ-મોબિલિટી (E-Mobility) પર વિશેષ ભાર. |
| **સ્ટાર્ટઅપ પ્રોત્સાહન** | સામાન્ય સ્ટાર્ટઅપ માટે ₹25,000 અને મહિલાઓ માટે ₹30,000 માસિક ભથ્થું. ₹30 લાખનો સીડ સપોર્ટ (સોશિયલ ઇમ્પેક્ટ માટે વધારાના ₹10 લાખ). |
| **ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને R&D** | ઇન્ડસ્ટ્રિયલ પાર્ક નિર્માણ માટે 25% (મહત્તમ ₹50 કરોડ) અને R&D માટે 50% (મહત્તમ ₹50 કરોડ વાર્ષિક) કેપિટલ સબસિડી. |
| **પર્યાવરણીય પ્રોત્સાહન** | કોમન એન્વાયરમેન્ટ ફેસિલિટી માટે ₹1 પ્રતિ યુનિટ વીજળી દર. 70% વેસ્ટવોટર રિસાયકલિંગ પર ₹75 કરોડ સુધીની (50%) સહાય. ZLD પ્લાન્ટ માટે MSME ને ₹5 કરોડ/MLD અને મોટા પ્રોજેક્ટ્સને ₹7.5 કરોડ/MLD સુધીની સબસિડી. ક્લીનર પ્રોડક્શન માટે MSME ને ₹1 કરોડ અને અન્યને ₹2 કરોડ સુધીની સહાય. |



# ટુરિઝમ સેક્ટરમાં કમાણીની સુવર્ણ તક

## વાર્ષિક 20 કરોડ પ્રવાસીઓ સાથે ગુજરાત દેશમાં મોખરે!

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (SGCCI) દ્વારા સુરતના નાનપુરા સ્થિત 'સમૃદ્ધિ' ભવન ખાતે "ઇન્વેસ્ટમેન્ટ ઓપોર્ચ્યુનિટીઝ વિથ ગુજરાત ટુરિઝમ" (ગુજરાત પ્રવાસન સાથે રોકાણની તકો) વિષય પર એક અત્યંત માહિતીસભર સેમિનારનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ વિશેષ સત્રમાં પ્રવાસન ક્ષેત્રના દિગ્ગજ નિષ્ણાત અને ગુજરાત પ્રવાસન નિગમમાં આશરે 4 દાયકા સુધી સેવા આપનારા શ્રી સનાતન પંચોલીએ મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહીને સુરતના ઉદ્યોગસાહસિકો અને ટ્રાવેલ પ્રોફેશનલ્સને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. ઉલ્લેખનીય છે કે શ્રી પંચોલીએ પોતાના કાર્યકાળ દરમિયાન રાજ્યની હેરિટેજ ટુરિઝમ, ફિલ્મ ટુરિઝમ અને હોમસ્ટે જેવી મહત્વપૂર્ણ પ્રવાસન નીતિઓ ઘડવામાં મુખ્ય ભૂમિકા ભજવી છે.

શ્રી સનાતન પંચોલીએ ગુજરાત પ્રવાસનની વર્તમાન સ્થિતિનું પ્રભાવશાળી પ્રેઝન્ટેશન રજૂ કરતા જણાવ્યું હતું કે, "ગુજરાત આજે વાર્ષિક 20 કરોડથી વધુ પ્રવાસીઓની મુલાકાત સાથે દેશમાં સૌથી ઝડપથી વિકસતું ટુરિઝમ ડેસ્ટિનેશન બન્યું છે. ગુજરાત પાસે ભારતનો સૌથી લાંબો દરિયા કિનારો, સમૃદ્ધ ઐતિહાસિક વારસો, ગિરિમાળાઓ, વન્યજીવ અભયારણ્યો, લાયન સફારી, ધાર્મિક સ્થળો, ઇકો-ટુરિઝમ અને વાઇબ્રન્ટ સાંસ્કૃતિક પરંપરાઓ જેવી અનન્ય સંપત્તિ છે." તેમણે ખેદ વ્યક્ત કર્યો હતો કે આટલી મોટી ક્ષમતા હોવા છતાં સ્થાનિક પ્રવાસન હિસ્સેદારો અને ટ્રાવેલ એજન્ટ્સ હજુ સુધી ગુજરાતના પ્રવાસન ઉદ્યોગનો પૂરેપૂરો આર્થિક લાભ ઉઠાવી શક્યા નથી.

**ગુજરાત ટુરિઝમ પોલિસી હેઠળ રોકાણકારોને મળનારા મુખ્ય લાભો**

ખાનગી ક્ષેત્રની ભાગીદારી અને પ્રવાસન ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટને પ્રોત્સાહન આપવા માટે ગુજરાત સરકારની ટુરિઝમ પોલિસી હેઠળ મળતા આકર્ષક આર્થિક લાભો અને પ્રોત્સાહનો વિશે રોકાણકારોને વિગતવાર માહિતગાર કરવામાં આવ્યા હતા:

- **ટેક્સ અને સ્ટેમ્પ ડ્યૂટી માફી:** પ્રોજેક્ટ્સ માટેની જમીન પર સ્ટેમ્પ ડ્યૂટી રિઇમ્બર્સમેન્ટ અથવા સંપૂર્ણ માફી તેમજ ઇલેક્ટ્રિસિટી ડ્યૂટી (વીજળી વેરો)માંથી લાંબા ગાળાની મુક્તિ.
- **નાણાકીય સબસિડી:** નવા પ્રોજેક્ટ સેટઅપ માટે આકર્ષક કેપિટલ (મૂડી) સબસિડી અને બેંક લોન પર ઇન્ટરેસ્ટ (વ્યાજ)

સબસિડીની સવલત.

• **GST લિંક્ડ પ્રોત્સાહનો:** પ્રવાસન એકમોના ઓપરેશનલ નફાને વધારવા માટે વિશેષ GST રિઇમ્બર્સમેન્ટ યોજના.

• **ગ્રીન ટુરિઝમ સપોર્ટ:** ઇલેક્ટ્રિક વ્હીકલ (EV) આધારિત પ્રવાસન પરિવહન સેવાઓ શરૂ કરવા માટે વિશેષ આર્થિક પ્રોત્સાહનો.

• **સ્પેશિયલાઇઝ્ડ ઇન્સેન્ટિવ્સ:** હોટેલ્સ, રિસોર્ટ્સ, વેલનેસ સેન્ટર્સ, એડવેન્ચર ટુરિઝમ અને હેરિટેજ પ્રોપર્ટીઝના રિનોવેશન તેમજ ડેવલપમેન્ટ માટે મોટું ફંડિંગ.

• **ગ્લોબલ માર્કેટિંગ સપોર્ટ:** રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પ્રવાસન પ્રદર્શનો અને રોડ-શોમાં બ્રાન્ડિંગ કરવા માટે સરકાર દ્વારા નાણાકીય સહાય.

**અપ્રચલિત સ્થળો, હોમસ્ટે અને PPP મોડેલ પર વિશેષ ધ્યાન**

સેમિનારમાં ગુજરાતના અપ્રચલિત અને અજાણ્યા પ્રવાસન સ્થળો (Hidden Gems)ને વિકસાવવા અને 'હોમસ્ટે કલ્ચર'ને વેગ આપવા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો. શ્રી પંચોલીએ જણાવ્યું કે સ્થાનિક આંત્રેપ્રિન્યોર્સ નવરાત્રિ, રણ ઉત્સવ, તરણેતરનો મેળો અને ગણેશ સ્થાપના જેવા ભવ્ય ઉત્સવોને વ્યૂહાત્મક રીતે પેકેજ કરીને દેશ-વિદેશના પ્રવાસીઓને આકર્ષી શકે છે.

શ્રી પંચોલીએ ઉમેર્યું કે, ગુજરાત સરકાર પબ્લિક-પ્રાઇવેટ પાર્ટનરશિપ (PPP) મોડેલ હેઠળ પ્રવાસન પ્રોજેક્ટ્સ વિકસાવવા માટે ખાનગી રોકાણકારોને સતત આવકારે છે. જોકે, રોકાણકારોએ સરકાર સમક્ષ સુઆયોજિત, પર્યાવરણને અનુકૂળ અને કોમર્શિયલી વાયેબલ (વ્યવસાયિક રીતે સક્ષમ) પ્રોજેક્ટ્સ રજૂ કરવા પડશે. પ્રવાસનનો વિકાસ માત્ર સરકારની જવાબદારી નથી, પરંતુ તેમાં સાહસિકો અને સ્થાનિક સમુદાયોની સક્રિય ભાગીદારી અનિવાર્ય છે.

**ઉદ્યોગ સાહસિકોની વ્યાપક ઉપસ્થિતિ**

સેમિનારની શરૂઆતમાં કમિટીના ચેરમેન શ્રી વિનેશ શાહે સ્વાગત પ્રવચન કર્યું હતું. એવિએશન કમિટીના કો-ચેરમેન શ્રી કાંતિલાલ સોહાગિયાએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી, જ્યારે કમિટી મેમ્બર શ્રી પૂરવ દેસાઈએ મુખ્ય વક્તાનો પરિચય આપ્યો હતો. સમગ્ર સેમિનારનું સફળ સંચાલન બેન્કિંગ કમિટીના કો-ચેરપર્સન સુશ્રી દુર્રિયા તાપિયા દ્વારા કરવામાં આવ્યું હતું અને અંતમાં કમિટી મેમ્બર શ્રી તૃપેશ વાઘાણીએ આભારવિધિ વ્યક્ત કરી હતી. પ્રશ્નોત્તરી સેશનમાં સુરતના અગ્રણી ઉદ્યોગપતિઓએ પોતાના ટુરિઝમ પ્રોજેક્ટ્સ અંગે પ્રાયોગિક માર્ગદર્શન મેળવ્યું હતું.



**SGCCI સેમિનાર: હેરિટેજ અને ફિલ્મ ટુરિઝમ પોલિસીના ઘડવૈયા સનાતન પંચોલીએ સુરતના રોકાણકારોને આપ્યું સબસિડી અને PPP મોડેલનું સચોટ માર્ગદર્શન**

# શ્રીલંકા પ્રવાસનનો સુરતમાં ભવ્ય રોડ શો

## આધ્યાત્મિકતા, ક્રિકેટ અને સંસ્કૃતિના દમ પર ભારતીય પ્રવાસીઓને આકર્ષવા માસ્ટરપ્લાન!



## STPBના રોડશોમાં શ્રીલંકાના 45થી વધુ ઓપરેટર્સ સાથે દક્ષિણ ગુજરાતના એજન્ટોની બિઝનેસ મીટિંગ; SGCCIએ ગ્લોબલ એક્સ્પો માટે આપ્યું આમંત્રણ

શ્રીલંકા ટુરિઝમ પ્રમોશન બ્યુરો (STPB) દ્વારા ભારતીય પ્રવાસીઓ અને ટ્રાવેલ ઇન્ડસ્ટ્રીને આકર્ષવા માટે ગુજરાતમાં એક મેગા રોડ શોનું આયોજન કરવામાં આવ્યું છે. આ અંતર્ગત સુરતના પીપલોદ સ્થિત મેરિયેટ હોટેલ ખાતે યોજાયેલા વિશેષ સત્રમાં શ્રીલંકાથી ખાસ પધારેલા 45થી વધુ અગ્રણી ટુર્સ ઓપરેટર્સ સુરત સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતના ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ એજન્ટો સાથે વ્યાપક B2B (બિઝનેસ-ટુ-બિઝનેસ) મીટિંગ્સ કરી હતી. આ પ્લેટફોર્મ પર બંને દેશો વચ્ચે પ્રવાસન વ્યવસાયને નવી ઊંચાઈ પર લઈ જવા માટે વ્યૂહાત્મક ચર્ચાઓ થઈ હતી.

**બીચ ઉપરાંત આધ્યાત્મિકતા, વન્યજીવ અને ક્રિકેટ કનેક્શનનું અનોખું પેકેજિંગ**

આ પ્રસંગે આમંત્રિત અતિથિ તરીકે ઉપસ્થિત 'ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી' (SGCCI)ના માનદ્ ખજાનચી શ્રી અતુલ પટેલે પોતાના વક્તવ્યમાં શ્રીલંકાની ટુરિઝમ પોટેન્શિયલ પર ભાર મૂકતા જણાવ્યું હતું કે, "શ્રીલંકા માત્ર સુંદર બીચિસ માટે જ જાણીતું નથી; તે એક એવી ધરતી છે જ્યાં આધ્યાત્મિકતા, ઇતિહાસ અને સંસ્કૃતિનો અનોખો સંગમ જોવા મળે છે. યુનેસ્કો (UNESCO) વર્લ્ડ હેરિટેજ સાઇટ સિગિરિયા રોક ફોર્ટ્રેસ હોય કે યાલા નેશનલ પાર્કનો વાઇલ્ડલાઇફ રોમાંચ— અહીં દરેક પ્રોફાઇલના પ્રવાસી માટે કંઈક ખાસ છે."

તેમણે ઉમેર્યું કે, ભારતીયો માટે ક્રિકેટ માત્ર રમત નહીં પણ એક લાગણી છે, તેથી કોલંબો અને કેન્ડીના ઐતિહાસિક ક્રિકેટ સ્ટેડિયમ્સની મુલાકાતને પ્રમોટ કરીને મોટું માર્કેટ કેપ્ચર કરી શકાય તેમ છે. શ્રીલંકા ટૂરિઝમનું સત્તાવાર સૂત્ર છે: "Sri Lanka – You Will Come Back for More!" જે તેની આતિથ્ય ક્ષમતા દર્શાવે છે.

**ગ્લોબલ ટ્રેડ એન્ડ ટુરિઝમ એક્સ્પો માટે શ્રીલંકાને સત્તાવાર આમંત્રણ**

આ ઇવેન્ટ દરમિયાન શ્રીલંકાથી આવેલી ખાસ કલ્ચરલ ટીમે પોતાની પરંપરાગત પ્રસ્તુતિઓ દ્વારા શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા. કાર્યક્રમના અંતે STPB દ્વારા સુરતના સ્થાનિક ટુર્સ એજન્ટો પ્રોત્સાહિત થાય તે માટે વિવિધ ઇનામોની જાહેરાત પણ કરાઈ હતી.

આ આંતરરાષ્ટ્રીય ભાગીદારીને વધુ મજબૂત કરવા માટે ચેમ્બર (SGCCI) દ્વારા એક મહત્વનું કદમ ઉઠાવવામાં આવ્યું હતું. સંસ્થા તરફથી શ્રીલંકા ટુરિઝમ પ્રમોશન બ્યુરોના આસિસ્ટન્ટ ડાયરેક્ટર સુશ્રી શિરાની હેરાત તથા શ્રીલંકન એરલાઈન્સના રિજીનલ મેનેજર શ્રી ફ્વઝાન ફરૈદને આગામી 27 અને 28 જુલાઈ 2026ના રોજ સુરતના સરસાણા કન્વેન્શન સેન્ટર ખાતે આયોજિત થનારા મેગા 'ગ્લોબલ ટ્રેડ એન્ડ ટુરિઝમ એક્સ્પો'માં સત્તાવાર કન્ટ્રી પાર્ટનર તરીકે ભાગ લેવા માટે હૃદયપૂર્વકનું આમંત્રણ પાઠવવામાં આવ્યું હતું.




# દેખાડાવાળું જીવન મધ્યમ વર્ગને દેવા તરફ ધકેલશે

## 'Thursday's Thoughts' કાર્યક્રમમાં આર્થિક કટોકટી અંગે ગંભીર મંથન!

શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ, સુરતની 'University of Thoughts' અંતર્ગત સમાજમાં હેલ્થ, વેલ્થ અને હેપ્પીનેસનો પ્રસાર કરવા દર ગુરુવારે યોજાતા ક્રાંતિકારી કાર્યક્રમ 'Thursday's Thoughts'ની 164મી કડી વાલક પાટીયા સ્થિત જમનાબા વિદ્યાર્થી ભવનના 'કેશુભાઈ પટેલ ઓડિટોરિયમ' ખાતે ભવ્ય રીતે સંપન્ન થઈ હતી. આ વિશેષ સત્રનો મુખ્ય વિષય "આર્થિક પરિસ્થિતિ: પડકારો અને ઉકેલ" રાખવામાં આવ્યો હતો, જેમાં અગ્રણી અર્થશાસ્ત્રીઓએ સામાન્ય માણસના ફાઇનાન્સિયલ મેનેજમેન્ટ અંગે ગહન મંથન કર્યું હતું. આ પ્રસંગે અતિથિ વિશેષ તરીકે ખાસ ઉપસ્થિત રહેલા એસજીસીસીઆઈ (SGCCI)ના પ્રમુખ શ્રી અશોક જીરાવાલા, માનદ્ ખજાનચી શ્રી અતુલ પટેલ અને ટૂંક સમયમાં રિલીઝ થનારી ગુજરાતી ફિલ્મ 'ભમરડો'ની સમગ્ર ક્રૂ એન્ડ કાસ્ટ ટીમનું સંસ્થા દ્વારા વિશેષ સન્માન કરાયું હતું.

**સાચી જરૂરિયાત અને ઈર્ષ્યા વચ્ચેનો ભેદ સમજવો અનિવાર્ય**

સંસ્થાના પ્રમુખ શ્રી કાનજી ભાલાળાએ વર્તમાન સમયમાં મોંઘવારીના વમળ વચ્ચે મધ્યમ અને સામાન્ય વર્ગ સામે ઊભા થયેલા પડકારો અંગે ચિંતા વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, "આજે લોકોની આવક મોટેભાગે સ્થિર છે, પરંતુ તેની સામે ખર્ચાઓ સતત વધતા જાય છે. સૌથી મોટો પડકાર એ છે કે આજના સમયમાં લોકોનું જીવનધોરણ વાસ્તવિકતા કરતાં 'દેખાડાવાળું' વધુ થઈ ગયું છે, જે અંતે માણસને મોટા દેવાના ચક્રવ્યૂહ તરફ દોરી જાય છે. જો મધ્યમ વર્ગ અત્યારથી સાવચેત થઈને પોતાના નાણાકીય વ્યવહારો પર ધ્યાન નહીં રાખે, તો તેણે ગરીબી રેખા નીચે આવી જવું પડશે." તેમણે એક ચોંકાવનારો આંકડો આપતા ઉમેર્યું હતું કે દેશમાં થતા કુલ પુરુષ આપઘાતના કેસોમાંથી 50% આપઘાત આર્થિક મુશ્કેલીઓ અને દેવાના કારણે થાય છે.

કાર્યક્રમના મુખ્ય વક્તા અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી (VNSGU)ના અર્થશાસ્ત્ર વિભાગના વડા ડૉ. ગૌરાંગ રામીએ સમજાવ્યું હતું કે મોંઘવારી અને મંદીના આ સમયમાં સુખરૂપ જીવવા માટે આર્થિક સમજણ અત્યંત જરૂરી છે. તેમણે વ્યાપારીઓ અને પરિવારોને એક શ્રેષ્ઠ સૂત્ર આપતા કહ્યું હતું કે, "ખર્ચ ઓછો કરવો તે પણ એક પ્રકારની આવક જ છે." બિનજરૂરી લક્ઝરી ખર્ચાઓ પર કાપ મૂકીને નાની નાની બચતને યોગ્ય જગ્યાએ ઇન્વેસ્ટ કરવાથી ભવિષ્યની મોટી નાણાકીય કટોકટીઓથી સરળતાથી બચી શકાય છે.



**શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજના 164મા અનોખા સત્રમાં ચેમ્બર પ્રમુખ અશોક જીરાવાલા અને 'ભમરડો' ફિલ્મની કાસ્ટનું ભવ્ય સન્માન**

# ₹ 25 કરોડથી આગળ... હવે બિઝનેસને આપો નવી ઉડાન!

## SGCCI લાવ્યું 'Accelerate Pro'

દરેક વ્યાપારીનું સપનું પોતાના ધંધાને મોટો કરવાનું હોય છે. પણ જ્યારે કંપની એક લેવલથી આગળ વધે, ત્યારે માલિક સામે નવા જ પ્રકારની મુશ્કેલીઓ આવે છે. જેમ કે: વેચાણ વધતું જાય છે પણ ઓફિસની સિસ્ટમ નાની પડે છે; આખો ધંધો માલિક પર જ ટકેલો રહે છે એટલે માલિક વગર કામ અટકી જાય છે; નવા માણસો રાખીએ તો પણ યોગ્ય મેનેજમેન્ટ સેટ નથી થતું અને રોજબરોજના કામમાં અડચણો આવ્યા કરે છે.

આ બધી જ સમસ્યાઓનો કાયમી ઉકેલ લાવવા માટે 'ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી' (SGCCI) એક અદભુત પ્રોગ્રામ લાવ્યું છે: "SGCCI Accelerate Pro – Powered by Wadhwani Foundation". આ એક એવો પ્રેક્ટિકલ પ્રોગ્રામ છે જે કંપનીઓને તેમના આગામી મોટા ટાર્ગેટ સુધી પહોંચાડશે.

**સૌથી મોટી વાત: તદ્દન મફત, કોઈ કમિશન નહીં!**

આ આખી ટ્રેનિંગ ગ્લોબલ સંસ્થા 'વાધવાણી ફાઉન્ડેશન' તરફથી હોવાથી સિલેક્ટ થયેલા સભ્યો માટે એકદમ ફ્રી છે. આમાં "Zero Equity" (કંપનીમાં કોઈ હિસ્સો કે શેર આપવાના નથી) અને "Zero Revenue Sharing" (તમારા નફામાંથી કોઈ કમિશન આપવાનું નથી)ની સ્પષ્ટ ગેરંટી છે. ફાઉન્ડેશનનો હેતુ માત્ર ઉદ્યોગો મજબૂત કરી રોજગારી વધારવાનો છે.

**ઉદ્યોગકારોને શું ફાયદો થશે?**

**બિઝનેસ પાર્ટનરનો સપોર્ટ:** અનુભવી બિઝનેસ એક્સપર્ટ્સ તમારી ઓફિસમાં આવીને તમારી ટીમ સાથે લાઈવ કામ કરશે.

- **પ્રેક્ટિકલ ગ્રોથ રોડમેપ:** તમારા ધંધાને કઈ દિશામાં આગળ વધારવો તેનો આખો પ્લાન તૈયાર કરી અપાશે.
- **સેલ્સ અને માર્કેટ એક્સપાન્શન:** નવું માર્કેટ કેવી રીતે પકડવું અને વેચાણ ડબલ કેવી રીતે કરવું તેની વ્યૂહરચના.
- **સિસ્ટમ અને પ્રોસેસ (SOP) સુધારણા:** માલિક હાજર ન હોય તો પણ ઓફિસ સ્મૂધ ચાલે તે માટે કમ્પ્યુટર ડેશબોર્ડ અને નિયમોની ફ્રેમવર્ક બનાવી અપાશે.
- **AI-પાવર્ડ ગ્રોથ પ્લેટફોર્મ:** વાધવાણી ફાઉન્ડેશનના ડિજિટલ ટૂલ્સ, બિઝનેસ રિસોર્સિસ અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) આધારિત ગાઇડન્સની ફ્રી એક્સેસ મળશે.

**બિઝનેસના આ 6 મહત્વના ભાગો પર કામ થશે:**

1. Customer & Market Expansion: નવા ગ્રાહકો શોધવા અને સેલ્સ વધારવું.
2. Product Growth: તમારી પ્રોડક્ટને બજારમાં યોગ્ય રીતે રજૂ કરવી.
3. Finance & Capital Planning: લોન કે ફંડિંગ લેવા માટેની આખી તૈયારી કરવી.
4. People & Leadership: સારા મેનેજર તૈયાર કરવા અને ટીમ મોટી કરવી.
5. Operations: કંપનીના રોજિંદા કામકાજની પદ્ધતિ સુધારવી.
6. Supply Chain: કાચો માલ આપતા વેપારીઓ (Vendors) નું નેટવર્ક મજબૂત કરવું.

**પ્રોગ્રામની સફર: 12-વીક ગ્રોથ સ્પ્રિન્ટ**

આ ફ્રી ટ્રેનિંગ માત્ર 5 સ્ટેપ્સમાં પૂરી થશે: એપ્લાય, એસેસમેન્ટ, એક્સપર્ટ મેચિંગ, 12 અઠવાડિયાની ગ્રોથ સ્પ્રિન્ટ (12-Week Growth Sprint) અને છેલ્લે આઉટકમ એટલે કે બિઝનેસનું ધારદાર રિઝલ્ટ.

**આ ટ્રેનિંગ કોના માટે છે?**

જેમનું વાર્ષિક ટર્નઓવર ₹25 કરોડથી વધુ છે, જેઓ પોતાના ધંધાને આગામી 3થી 5 વર્ષમાં નેશનલ કે ગ્લોબલ લેવલ પર લઈ જવા માંગે છે, તેવા સિલેક્ટેડ ઉદ્યોગકારો માટે જ આ લિમિટેડ એન્ટ્રી છે.

# સુરત એરપોર્ટના વિકાસમાં સ્થાનિક ઉદ્યોગોને અગ્રીમતા

## ચેમ્બર પ્રમુખ અશોક જીરાવાલાનું મોટું સૂચન



ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (SGCCI)ના પ્રમુખ શ્રી અશોક જીરાવાલાના નેતૃત્વ હેઠળ ચેમ્બરના ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળે સુરત એરપોર્ટની વિશેષ મુલાકાત લીધી હતી. એરપોર્ટ ડિરેક્ટર શ્રી એ.એન. શર્માના સત્તાવાર આમંત્રણ પર યોજાયેલી આ સૌજન્ય મુલાકાત દરમિયાન ચેમ્બરના હોદ્દેદારોએ એરપોર્ટ બિલ્ડિંગ, નવા ટર્મિનલ અને એર ટ્રાફિક કંટ્રોલ (ATC) રૂમનું ઝીણવટભર્યું નિરીક્ષણ કર્યું હતું. પ્રતિનિધિમંડળમાં ઉપ પ્રમુખ શ્રી રવિ રાજ દેસાઈ, માનદ્ મંત્રી શ્રી પરેશ લાઠિયા, માનદ્ ખજાનચી શ્રી અતુલ પટેલ તેમજ એવિએશન કમિટીના એડવાઇઝર શ્રી મનોજ સિંગાપુરી અને ચેરમેન શ્રી વિનેશ શાહ ઉપસ્થિત રહ્યા હતા.

**SGCCIના પ્રતિનિધિમંડળે એરપોર્ટ ડિરેક્ટર એ.એન. શર્માની મુલાકાત લીધી; કનેક્ટિવિટી અને મુસાફરોની સુવિધા અંગે વિસ્તૃત ચર્ચા**

### ટેન્ડરિંગ પ્રક્રિયામાં સ્થાનિક વેન્ડરોને તક આપવા પર વિશેષ ભાર

મુલાકાત દરમિયાન ચેમ્બર પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ એક અત્યંત મહત્વપૂર્ણ નીતિગત સૂચન કરતા જણાવ્યું હતું કે, "એરપોર્ટના આધુનિકીકરણ અને વિસ્તરણ માટે થતી ટેન્ડરિંગ પ્રક્રિયાનો મહત્તમ લાભ સુરત અને દક્ષિણ ગુજરાતના સ્થાનિક વેન્ડરોને મળવો જોઈએ. આનાથી સ્થાનિક ઉદ્યોગો અને MSME સેક્ટરને મોટું પ્રોત્સાહન મળશે તેમજ એરપોર્ટના પ્રોજેક્ટ્સ પણ કોઈપણ વિલંબ વગર સમયસર પૂર્ણ થઈ શકશે."

તેમણે મેઈન ગેટથી એરપોર્ટ ટર્મિનલ સુધી આવવામાં મુસાફરોને થતી ટ્રાન્સપોર્ટ અને કનેક્ટિવિટીની સમસ્યાઓનું વહેલી તકે કાયમી નિવારણ લાવવા એરપોર્ટ ઓથોરિટીના અધિકારીઓને અનુરોધ કર્યો હતો.

### સુરતને સશક્ત એર કનેક્ટિવિટી હબ બનાવવા પર સહમતી

બેઠક દરમિયાન સુરત એરપોર્ટના ભવિષ્યના વિકાસ, ડોમેસ્ટિક અને ઇન્ટરનેશનલ એર કનેક્ટિવિટી વધારવા તેમજ પેસેન્જર સુવિધાઓને વૈશ્વિક સ્તરની બનાવવા અંગે વિસ્તૃત ચર્ચા થઈ હતી. ચેમ્બરના પ્રતિનિધિમંડળે એરપોર્ટ પ્રશાસન દ્વારા થઈ રહેલા આધુનિકીકરણના પ્રયાસોની પ્રશંસા કરી હતી. સુરત એરપોર્ટ ઓથોરિટી અને ચેમ્બર (SGCCI) એમ બંને પક્ષોએ ભવિષ્યમાં પરસ્પર સહયોગ દ્વારા સુરતને પશ્ચિમ ભારતનું એક મજબૂત એવિએશન હબ તરીકે વિકસાવવા માટે સંયુક્ત રીતે કાર્ય કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.




# GSTAT અપીલ ફાઇલિંગ પ્રક્રિયા અંગે ચેમ્બરનો મેગા સેમિનાર

## રેકોર્ડ જીએસટી કલેક્શન વચ્ચે કરદાતાઓની સુવિધા પર ભાર!

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (SGCCI) અને જીએસટી અપિલેટ ટ્રિબ્યુનલ (GSTAT) ના સંયુક્ત ઉપક્રમે સરસાણા સ્થિત ઉષાકાંત કંચનલાલ મારફતિયા હોલ ખાતે 'GSTAT Appeal Filing & Procedure Awareness Program' વિષય પર એક ઉચ્ચ સ્તરીય સેમિનાર યોજાયો હતો. આ વિશેષ સત્રમાં સુરત સહિત દક્ષિણ ગુજરાતના અગ્રણી ઉદ્યોગ સાહસિકો, એડવોકેટ્સ, સીએ અને ટેક્સપેયર્સને જીએસટી ટ્રિબ્યુનલ સમક્ષ અપીલ ફાઇલ કરવાની કાનૂની અને વ્યાવહારિક પ્રક્રિયા વિશે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

ચેમ્બર પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ સ્વાગત પ્રવચન કરતા જણાવ્યું હતું કે, "GST વ્યવસ્થામાં ન્યાયિક પ્રક્રિયાના મજબૂત સ્તંભ તરીકે Goods and Services Tax Appellate Tribunal (GSTAT) કાર્યરત બની રહ્યું છે. વેપાર અને ઉદ્યોગ જગતના કરદાતાઓને ઝડપી અને પારદર્શક ન્યાય મેળવવા માટે આ મંચ સીમાચિહ્નરૂપ સાબિત થશે."

**છેલ્લા 12 દિવસમાં ચેમ્બર દ્વારા કરાયેલી 7 મુખ્ય રજૂઆતો**

શ્રી અશોક જીરાવાલાએ માહિતી આપી હતી કે SGCCI હંમેશા કરદાતાઓના હિતોના રક્ષણ માટે સક્રિય રહ્યું છે. છેલ્લા 12 દિવસ દરમિયાન ચેમ્બર દ્વારા કેન્દ્ર અને રાજ્ય સરકાર સમક્ષ રજૂ કરાયેલા મુખ્ય મુદ્દાઓ નીચે મુજબ છે:

**1. બીજી અપીલ માટે સમયમર્યાદા:** GSTAT સમક્ષ સેકન્ડ અપીલ દાખલ કરવા માટેની ટાઇમલાઇનમાં વ્યાવહારિક રાહત આપવી.

**2. ઓર્ડર્સની ભાષા:** તમામ એડજ્યુડિકેશન ઓર્ડર્સ સાર્વત્રિક રીતે અંગ્રેજી ભાષામાં જારી કરવામાં આવે.

**3. AI નો વહીવટ:** જીએસટી એડમિનિસ્ટ્રેશનમાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) નો જવાબદાર અને તાર્કિક ઉપયોગ કરવો.

**4. કલમ 107 ની સ્પષ્ટતા:** સેક્શન 107 હેઠળ અપીલ કરવાની કાનૂની મર્યાદા અંગે વહેલી તકે વહીવટી સ્પષ્ટતા લાવવી.

**5. GST Credit Lapse:** આ ગંભીર ટેકનિકલ મુદ્દાનો વ્યાપારીઓ સાથે મળીને સૌહાર્દપૂર્ણ ઉકેલ લાવવો.

**6. પ્રોત્સાહક યોજના:** રાજ્યમાં કર અનુપાલન વધારવા







# છેલ્લા 12 દિવસમાં ચેમ્બરે કેન્દ્ર-રાજ્ય સરકાર સમક્ષ કરી અનેક રજૂઆતો; ફેક્ટસ અને ડોક્યુમેન્ટેશન જ અપીલની કરોડરજ્જુ: ટ્રિબ્યુનલ નિષ્ણાતો

"મેરા GST – મેરા ગુજરાત" જેવી આકર્ષક સ્કીમ શરૂ કરવી.

**7. વ્યાવહારિક શિક્ષણ:** કોમર્સ (B.Com)ના શૈક્ષણિક અભ્યાસક્રમમાં જીએસટીના વ્યવહારુ શિક્ષણનો સમાવેશ કરવો.

**90,000 કરોડથી 1,94,000 કરોડ સુધી પહોંચ્યું જીએસટી કલેક્શન**

GSTATના માનનીય ઉપ પ્રમુખ શ્રી જી. એમ. પટેલે આંકડાકીય વિશ્લેષણ રજૂ કરતા જણાવ્યું હતું કે, "જુલાઈ 2017માં જીએસટીની અમલવારી થઈ ત્યારે માસિક કલેક્શન 90,000 કરોડ રૂપિયાથી શરૂ થયું હતું, જે મે 2026 સુધીમાં વધીને 1,94,000 કરોડ રૂપિયાના ઐતિહાસિક સ્તરે પહોંચી ગયું છે. જ્યારે રેવન્યુ ગ્રોથ અને આર્થિક પ્રવૃત્તિઓ આ સ્તરે વધતી હોય, ત્યારે સ્ટેકહોલ્ડર્સ અને ટેક્સપેયર્સની સમસ્યાઓ કે કાનૂની પ્રશ્નો વધે તે સ્વાભાવિક છે. ટ્રિબ્યુનલનો ઉદ્દેશ્ય અપીલ પ્રક્રિયામાં શક્ય તેટલી ઓછી ખામીઓ રાખીને કેસોનો ઝડપી નિકાલ કરવાનો છે."

**મજબૂત કેસ માટે કાનૂની નિષ્ણાતોની 5 ગોલ્ડન ટીપ્સ**

સેમિનારમાં GSTAT ના સભ્યો શ્રી આર. જી. હદવાની અને શ્રી સંજય દ્વિવેદી તેમજ અજય સુહાગે પ્રેઝન્ટેશન દ્વારા ટેક્સપેયર્સ માટે મહત્વની ગાઈડલાઈન્સ આપી હતી:

- **ફેક્ટસ એ જ કરોડરજ્જુ:** કેસ હંમેશા મજબૂત તથ્યો પર જીતવામાં આવે છે, જે સમગ્ર પ્રોસિજરની કરોડરજ્જુ છે.
- **ક્રમબદ્ધ દસ્તાવેજો:** શો-કોઝ નોટિસ (SCN) મળતાની સાથે જ વકીલાતનામું, ગ્રાઉન્ડસ ઓફ અપીલ અને સ્ટેટમેન્ટ ઓફ ફેક્ટસ કાયદાકીય આધારો સાથે ક્રમબદ્ધ તૈયાર રાખવા.
- **રેફરન્સનો ઉપયોગ:** અપીલ ડ્રાફ્ટ કરતી વખતે સંબંધિત નોટિફિકેશન્સ, કસ્ટમ સર્ક્યુલર્સ અને અગાઉના કેસ લો (Case Laws) નો ચોક્કસ ઉલ્લેખ કરવો.
- **ફીની ચૂકવણી:** અપીલ ફોર્મ સબમિટ કરતા પહેલા પ્રિ-ડિપોઝિટ, કોર્ટ ફી અને ઓર્ડર ફીની ચૂકવણીની ક્રોસ-વેરિફિકેશન કરી લેવી.
- **આખરી ફોરમ:** જીએસટી માળખામાં કરદાતાઓ માટે જીએસટી ટ્રિબ્યુનલ એ છેલ્લું એપિલેટ ફોરમ (Last Appellate Forum) છે.

કાર્યક્રમમાં ચેમ્બરના માનદ્ સેક્રેટરી શ્રી પરેશ લાઠિયા, જીએસટી કમિટીના એડવાઇઝર શ્રી હેમંત દેસાઈ અને કો-ચેરમેન શ્રી રોહન દેસાઈ સહિત મોટી સંખ્યામાં ટેક્સ પ્રોફેશનલ્સ ઉપસ્થિત રહ્યા હતા. અંતમાં માનદ્ ખજાનચી શ્રી અતુલ પટેલે સર્વેનો આભાર માની સત્રનું સમાપન કર્યું હતું.



# પરિવારમાં શાંતિ તો જ બિઝનેસ શક્તિશાળી

## દેશના જીડીપીમાં કૌટુંબિક વ્યવસાયોનો હિસ્સો સૌથી મોટો!




**SGCCIના 'પરિવાર પ્રથમ' સેશનમાં ફેમિલી બિઝનેસ મેન્ટર રાકેશ જૈને આપ્યું સફળતાનું મેનેજમેન્ટ સૂત્ર**

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (SGCCI) દ્વારા સરસાણા સ્થિત 'સંહતિ' હોલ ખાતે 'પરિવાર પ્રથમ – Family Harmony for Business Growth' વિષય પર એક અત્યંત મહત્વપૂર્ણ અને પ્રેરણાદાયી સેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વિશેષ સત્રમાં દેશના જાણીતા ફેમિલી બિઝનેસ મેન્ટર શ્રી રાકેશ જૈને મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહીને સુરતના અગ્રણી ઉદ્યોગ સાહસિકોને પરિવારના સહયોગ અને આંતરિક એકતા દ્વારા વ્યાપારિક સામ્રાજ્યને કેવી રીતે નેક્સ્ટ લેવલ પર લઈ જઈ શકાય તેનું માર્ગદર્શન આપ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ સ્વાગત પ્રવચન કરતા એક ગહન સૂત્ર આપ્યું હતું કે, "આપણું વિઝન બહુ સ્પષ્ટ છે – 'જ્યારે પરિવારમાં શાંતિ હોય, ત્યારે જ બિઝનેસ શક્તિશાળી બને છે.' જો આપણે આર્થિક આંકડાઓ પર નજર કરીએ, તો ભારતના કુલ જીડીપી (GDP) માં કૌટુંબિક વ્યવસાયોનો (Family Businesses) હિસ્સો સૌથી મોટો છે. સુરતના ટેક્સટાઇલ અને ડાયમંડ જેવા વૈશ્વિક ઉદ્યોગો રાજ્યના મેન્યુફેક્ચરિંગ જીડીપીમાં સિંહફાળો ધરાવે છે અને આ બધા જ એકમો પરિવારો દ્વારા જ સફળતાપૂર્વક ચલાવવામાં આવે છે. આપણા દેશ અને શહેરની આર્થિક પ્રગતિની ખરી તાકાત કૌટુંબિક સંસ્કારો અને સંપમાં રહેલી છે."

**પરિવારનું 'ફ્યુચર બાય ડિઝાઇન' કરવા માટેના 4 મુખ્ય સ્તંભ**

ફેમિલી બિઝનેસ મેન્ટર શ્રી રાકેશ જૈને ઇતિહાસના ઉદાહરણો આપતા સમજાવ્યું હતું કે જે પરિવાર એક-સાથે મજબૂતીથી ઊભો રહે છે, તેનો જ લાંબાગાળાનો વિકાસ થાય છે. કારણ કે દરેક વ્યક્તિમાં અલગ-અલગ સ્કિલ અને ગુણો હોય છે, અને જ્યારે એ બધા ગુણો એક લક્ષ્ય માટે ભેગા થાય છે ત્યારે કોર્પોરેટ સફળતા સરળ બને છે. હાલના સમયમાં પરિવારો તૂટવા પાછળ મુખ્યત્વે નાણાકીય અસમાનતા અને ક્રેડિટ ન મળવાની ભાવના જવાબદાર હોય છે.

તેમણે કૌટુંબિક વ્યાપારને પેઢી દર પેઢી સુરક્ષિત રાખવા માટે 4 મહત્વની બાબતોનું સંતુલન જાળવવાનું સૂચન કર્યું હતું:

**1. વિઝન:** પરિવાર અને બિઝનેસનું ભવિષ્ય ક્યાં લઈ જવું છે તેની સ્પષ્ટ બ્લુપ્રિન્ટ હોવી જોઈએ.

**2. સ્ટ્રેટેજી:** સ્થાપકોના મૂળ વિચારો, મૂલ્યો અને વ્યાપારિક ગણતરીઓને આગળની પેઢી સુધી સચોટ રીતે ટ્રાન્સફર કરવી.

**3. અલાઇનમેન્ટ:** પરિવારના દરેક સભ્યના વિચારો અને જવાબદારીઓ વચ્ચે મજબૂત તાલમેલ રાખવો.

**4. એક્ઝિક્યુશન:** નક્કી કરેલી યોજનાઓ અને ગ્રાહકોની માંગને સમયસર અને યોગ્ય રીતે માર્કેટમાં એક્ઝિક્યુટ કરવી, જેથી સાચું વેલ્યુ ક્રિએશન થાય.

કાર્યક્રમની શરૂઆતમાં ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી પરેશ લાઠિયાએ સમગ્ર સેશનની રૂપરેખા આપી હતી, જ્યારે માનદ્ ખજાનચી શ્રી અતુલ પટેલે મુખ્ય વક્તાનો પરિચય કરાવ્યો હતો. આ પ્રસંગે ચેમ્બરના ઉપ પ્રમુખ શ્રી રવિ રાજ દેસાઈ, ઓલ એક્ઝિબિશન ચેરમેન શ્રી મનિષ કાપડિયા તેમજ સુરતના વિવિધ ક્ષેત્રના ઉદ્યોગ સાહસિકો અને બિઝનેસ ફેમિલીઝ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન હોસ્પિટાલિટી, ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ કમિટીના ચેરમેન શ્રી વિનેશ શાહે કર્યું હતું.

# પ્રચંડ રાહત: ૩ મહત્વના યાર્ન પર એન્ટી-ડમ્પિંગ ડ્યૂટી નહીં

## DGTRની ભલામણો નાણાં મંત્રાલયે ફગાવી; ચેમ્બર પ્રમુખ અશોક જીરાવાલાએ પીએમ મોદી, નિર્મલા સીતારમણ અને હર્ષ સંઘવીનો માન્યો આભાર

દક્ષિણ ગુજરાત ચેમ્બર ઑફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (SGCCI) દ્વારા નાયલોન ફિલામેન્ટ યાર્ન (NFY), વિસ્કોઝ ફિલામેન્ટ યાર્ન (VFY) અને સ્પેન્ડેક્સ યાર્ન (Spandex Yarn)ની આયાત પર એન્ટી-ડમ્પિંગ ડ્યૂટી (ADD) લાગુ ન કરવાના ભારત સરકારના નિર્ણયને હૃદયપૂર્વક આવકારવામાં આવ્યો છે. ડિરેક્ટોરેટ જનરલ ઑફ ટ્રેડ રેમેડીઝ (DGTR) દ્વારા માર્ચ 2026માં આ ત્રણેય યાર્ન પર ભારે ડ્યૂટી લગાવવાની આખરી ભલામણ કરાઈ હતી, જેને ભારત સરકારના નાણાં મંત્રાલયે સત્તાવાર રીતે અસ્વીકાર કરીને કાપડ ઉદ્યોગને કરોડો રૂપિયાના વધારાના બોજમાંથી ઉગારી લીધો છે.

કસ્ટમ્સ ટેરિફ રૂલ્સ, 1995ની જોગવાઈઓ અનુસાર એન્ટી-ડમ્પિંગ ડ્યૂટીનું નોટિફિકેશન બહાર પાડવાની આખરી તારીખ 19 જૂન, 2026 હતી. આ નિર્ધારિત સમયમર્યાદા પૂર્ણ થઈ ગઈ હોવા છતાં નાણાં મંત્રાલય દ્વારા કોઈ નોટિફિકેશન જાહેર ન કરાતા સ્પષ્ટ થયું છે કે કેન્દ્ર સરકારે ટેક્સટાઇલ ઉદ્યોગના હિતમાં આ ડ્યૂટી ન લાદવાનો મક્કમ અને આખરી નિર્ણય લીધો છે.

**ડાઉનસ્ટ્રીમ વેલ્યુ ચેઇન અને રોજગારી બચી ગઈ**

SGCCI દ્વારા કેન્દ્રના કાપડ મંત્રાલય તથા નાણાં મંત્રાલય સમક્ષ સતત આક્રમક રજૂઆતો કરીને જણાવ્યું હતું કે આ ત્રણેય યાર્ન સુરત તથા દક્ષિણ ગુજરાતના વિશાળ ટેક્સટાઇલ ઉદ્યોગ માટે કીમતી કાચો માલ છે. તેનો ઉપયોગ સાડી, ડ્રેસ મટિરિયલ, ફેબ્રિક, સ્ટ્રેચેબલ એપેરલ્સ અને ટેકનિકલ ટેક્સટાઇલ્સમાં મોટા પાયે થાય છે. જો આ ઉત્પાદનો પર એન્ટી-ડમ્પિંગ ડ્યૂટી લાગુ થઈ હોત, તો ઉત્પાદન ખર્ચ અસાધારણ વધી જાત, જેના કારણે ભારતીય કાપડની વૈશ્વિક સ્પર્ધાત્મકતા ઘટતે, નિકાસ ઠપ્પ થતે અને લાખો કારીગરોની રોજગારી પર પ્રતિકૂળ અસર પડતે.

**કેપ્રોલેક્ટમના સ્થાનિક ઉત્પાદન પર ધ્યાન આપવા અશોક જીરાવાલાનું સૂચન**

આ અંગે SGCCIના પ્રમુખ શ્રી અશોક જીરાવાલા એ જણાવ્યું હતું કે: "કેન્દ્ર સરકારનો આ નિર્ણય સમગ્ર ટેક્સટાઇલ ઇન્ડસ્ટ્રી માટે મોટો બૂસ્ટર ડોઝ સાબિત થશે. કાચા માલની




ઉપલબ્ધતા સ્પર્ધાત્મક ભાવે જળવાઈ રહેશે અને અનાવશ્યક ખર્ચ અટકશે."

તેમણે એક મહત્વનું ઔદ્યોગિક સૂચન કરતા ઉમેર્યું કે, "માત્ર આયાત પર ડ્યૂટી લાદવાને બદલે નાયલોન ઉદ્યોગના મુખ્ય કાચા માલ કેપ્રોલેક્ટમ અને નાયલોન ચિપ્સનું સ્થાનિક ઉત્પાદન દેશમાં વધારવું વધુ જરૂરી છે, જેથી આખી વેલ્યુ ચેઇન સાચા અર્થમાં 'આત્મનિર્ભર' બની શકે."

ચેમ્બર પ્રમુખે કેન્દ્રના વસ્ત્ર મંત્રાલય અને નાણાં મંત્રાલયનો આભાર માનવા સાથે ગુજરાતના ડેપ્યુટી સીએમ શ્રી હર્ષભાઈ સંઘવીનો વિશેષ આભાર વ્યક્ત કર્યો હતો, જેમણે યોગ્ય સમયે આ મુદ્દે હસ્તક્ષેપ કરીને સુરતના ટેક્સટાઇલ ઉદ્યોગની ચિંતાઓને કેન્દ્ર સરકાર સુધી અસરકારક રીતે પહોંચાડી હતી.

# વૈશ્વિક બજારની જરૂરિયાતો મુજબ સુરતના યુવાનોને સજ્જ કરશે ચેમ્બર!

## ટેક્સટાઇલ, ઇમ્પોર્ટ-એક્સપોર્ટ અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI)ના ખાસ ઉદ્યોગલક્ષી કોર્સ શરૂ; ATIRA અને AMA સાથે ટૂંક સમયમાં MOU

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (SGCCI) દ્વારા સંચાલિત 'SGCCI એજ્યુકેશન એન્ડ સ્કિલ ડેવલપમેન્ટ સેન્ટર' દ્વારા ઉદ્યોગોની બદલાતી જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને વિવિધ વિશેષ ઉદ્યોગલક્ષી કોર્સ લોન્ચ કરવામાં આવ્યા છે.

ચેમ્બર પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ જણાવ્યું હતું કે, "આજના ઝડપી બદલાતા ટેક્નોલોજીના યુગમાં કુશળ માનવબળની માંગ સતત વધી રહી છે. શિક્ષણ અને ઉદ્યોગ વચ્ચેના અંતરને ઘટાડવા માટે અમે આ આધુનિક અભ્યાસક્રમો તૈયાર કર્યા છે." શૈક્ષણિક ગુણવત્તાને આંતરરાષ્ટ્રીય સ્તરે લઈ જવા માટે જાણીતી સંસ્થાઓ ATIRA અને AMA (અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન) સાથે MOU કરવાની પ્રક્રિયા અંતિમ ચરણમાં છે.

**ઉદ્યોગલક્ષી અભ્યાસક્રમોનું વિગતવાર માળખું**

| સેક્ટર / વિભાગ | ઉપલબ્ધ ખાસ કોર્સીસ | અભ્યાસક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય અને વ્યવહારુ જ્ઞાન |
|---|---|---|
| ટેક્સટાઇલ સેક્ટર | * Textile at a Glance<br>* Modern Yarn Preparatory<br>* Fabric Identification<br>* Fabric Processing<br>* Garment Manufacturing<br>* Technical Textile<br>* Circular Knitting | ફાઇબરથી લઈને તૈયાર કાપડ સુધીની સમગ્ર પ્રક્રિયા, આધુનિક મશીનરી, ડાઇંગ-પ્રિન્ટિંગ, વસ્ત્ર નિર્માણની ડિઝાઇનિંગ અને મેડિકલ-ઓટોમોબાઇલ ક્ષેત્રે વપરાતા સ્પેશિયલ ફેબ્રિક્સનું પ્રાયોગિક જ્ઞાન. |
| ગ્લોબલ ટ્રેડ | * Import-Export Management | આંતરરાષ્ટ્રીય વેપારની પ્રક્રિયાઓ, દસ્તાવેજીકરણ (Documentation), લોજિસ્ટિક્સ, કસ્ટમ્સ નિયમો અને વૈશ્વિક બજારની નવી તકોનું માર્ગદર્શન. |
| ડિજિટલ & AI | * Digital Marketing<br>* Artificial Intelligence (AI) | સોશિયલ મીડિયા માર્કેટિંગ, સર્ચ એન્જિન ઓપ્ટિમાઇઝેશન (SEO), ઓનલાઇન એડવર્ટાઇઝિંગ, આધુનિક AI ટૂલ્સ અને બિઝનેસ ઓટોમેશનની અદ્યતન સમજ. |

**પ્રવેશ પ્રક્રિયા અને સંપર્ક:**

આ તમામ કોર્સ ઉદ્યોગ જગતના નિષ્ણાતો દ્વારા પ્રાયોગિક તાલીમ સાથે ચલાવવામાં આવશે. રસ ધરાવતા ઉમેદવારો વધુ માહિતી અને રજિસ્ટ્રેશન માટે મોબાઇલ નંબર 7211173123 પર સંપર્ક કરી શકે છે. ટૂંક સમયમાં સેલ્સ, માર્કેટીંગ અને બ્રાન્ડીંગના કોર્સ પણ ઉમેરાશે.

# કાપડના ટેસ્ટિંગ માટે સુરતમાં સ્થપાશે અદ્યતન લેબોરેટરી

## SGCCI & GFRRC ભાગીદારી: નિકાસકારો અને MSMEs માટે વૈશ્વિક સ્તરની ટેસ્ટિંગ સુવિધા; ઇન્ટરનેશનલ માર્કેટમાં સુરતી કાપડની સ્વીકાર્યતા વધશે

સુરતના ટેક્સટાઇલ ઉદ્યોગને આંતરરાષ્ટ્રીય ગુણવત્તાના ધોરણો સાથે જોડવા માટે ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (SGCCI) અને ગ્લોબલ ફેબ્રિક રિસોર્સ એન્ડ રિસર્ચ સેન્ટર (GFRRC) દ્વારા એક મોટી સંયુક્ત જાહેરાત કરવામાં આવી છે. સુરતમાં ઉત્પાદકો, નિકાસકારો, ડિઝાઇનરો અને સંશોધકો માટે આંતરરાષ્ટ્રીય કક્ષાની 'યાર્ન અને ફેબ્રિક ટેસ્ટિંગ લેબોરેટરી' શરૂ કરવામાં આવશે.

ચેમ્બર પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ જણાવ્યું કે, "આ અદ્યતન ટેસ્ટિંગ લેબ દ્વારા સ્થાનિક MSMEs અને સ્ટાર્ટઅપ્સને ખૂબ જ પરવડે તેવી કિંમતે વિશ્વસનીય પરિણામો મળશે. આ સુવિધા સુરતને ગ્લોબલ ટેક્સટાઇલ હબ બનાવવામાં મહત્વપૂર્ણ કડી સાબિત થશે."

| અદ્યતન લેબોરેટરી સાધનો અને તેની તકનીકી ઉપયોગિતા | |
|---|---|
| **અત્યાધુનિક મશીનરી / સાધન** | **ટેકનિકલ પરીક્ષણ અને ગુણવત્તા નિયંત્રણમાં તેની ભૂમિકા** |
| **યુનિવર્સલ ટેન્સાઇલ ટેસ્ટિંગ મશીન** | યાર્ન અને ફેબ્રિકની ખેંચાણ શક્તિ, કાપડ ફાટવાની પ્રતિકારક ક્ષમતા અને સીમની મજબૂતીનું સચોટ માપન કરે છે, જેથી કાપડની ટકાઉપણું નક્કી થાય છે. |
| **ડિજિટલ માઇક્રોસ્કોપ** | ફાઇબરના ક્રોસ-સેક્શન, ફેબ્રિકની આંતરિક રચના અને વણાટની ઘનતા એટલે કે EPI (Ends Per Inch) અને PPI (Picks Per Inch)નું હાઇ-ક્વોલિટી વિશ્લેષણ કરે છે. |
| **ટ્વિસ્ટ ટેસ્ટર** | સ્પન અને ફિલામેન્ટ યાર્નમાં પ્રતિ મીટર વળાંક એટલે કે TPM (Twists Per Meter) માપે છે, જે યાર્નની એકરૂપતા અને ક્વોલિટી જાળવવા જરૂરી છે. |
| **વ્રેપ રીલ વિથ વેઇંગ બેલેન્સ** | યાર્નની ચોક્કસ ગણતરી જેમ કે Tex, Denier અને Ne નિર્ધારિત કરે છે, જે ઉત્પાદનના વૈશ્વિક માપદંડો જાળવવામાં મદદરૂપ બને છે. |
| **GSM કટર વિથ વેઇંગ બેલેન્સ** | કાપડના પ્રતિ ચોરસ મીટર વજન (GSM) નું એકદમ સચોટ માપન કરે છે. કાપડના યોગ્ય વર્ગીકરણ અને તેની સાચી બજાર કિંમત નક્કી કરવા માટે આ ટેસ્ટ ખૂબ જ મહત્વનો છે. |

**મુખ્ય આયોજન:**

આગામી દિવસોમાં GFRRC દ્વારા આ વિષયો પર રાષ્ટ્રીય સ્તરના કોન્કલેવ અને વર્કશોપ્સનું આયોજન કરાશે. વધુ માહિતી અને સેવાનો લાભ લેવા માટે સંપર્ક નંબર 8200549493 જાહેર કરવામાં આવ્યો છે.

# સુરત બનશે નેશનલ MMF જ્ઞાન કેન્દ્ર

## નેશનલ ટેક્સટાઇલ સમિટમાં અશોક જીરાવાલાના ઐતિહાસિક સૂચનો

## સુરતને 'નેશનલ MMF ડેટા બેન્ક' બનાવવાની માગ

ભારત સરકારના વસ્ત્ર મંત્રાલય દ્વારા દેશના કાપડ ઉદ્યોગ માટે વર્ષ 2030 સુધી 100 બિલિયન યુએસ ડોલર જેટલા કાપડ અને પરિધાન નિકાસના લક્ષ્યને ધ્યાનમાં રાખીને નવી દિલ્હીના NASC કોમ્પ્લેક્સ (ICAR) ખાતે બે દિવસીય "નેશનલ કન્સલ્ટેટિવ ટેક્સટાઇલ સમિટ"નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રતિષ્ઠિત શિખર સંમેલનમાં ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (SGCCI) તરફથી પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ વિશેષ આમંત્રિત તરીકે ઉપસ્થિત રહીને ભારતની નિકાસ વધારવા માટેનો ગ્લોબલ રોડમેપ રજૂ કર્યો હતો.

શ્રી અશોક જીરાવાલાએ સ્પષ્ટ કર્યું કે, વૈશ્વિક સ્તરે કુલ ફાઇબર વપરાશમાં મેન-મેડ ફાઇબર (MMF)નો હિસ્સો આશરે 70 ટકા જેટલો છે, જ્યારે ભારતમાં હજુ પણ કુદરતી રેસાઓનું પ્રભુત્વ છે. જો ભારત સરકારે $100 બિલિયનનો ટાર્ગેટ પૂરો કરવો હોય, તો MMF સેક્ટર પર યુદ્ધના ધોરણે ધ્યાન કેન્દ્રિત કરવું પડશે.

| ક્રમ | નીતિગત સૂચનો અને પ્રોજેક્ટ્સ | ઉદ્યોગ અને નિકાસ ક્ષેત્રે થનારો મોટો ફાયદો |
|---|---|---|
| 1 | **નેશનલ MMF ફેબ્રિક ડેટા બેન્ક** | સુરતમાં ગ્લોબલ ફેબ્રિક લાઇબ્રેરી બને, જ્યાં વિશ્વભરના નમૂના અને ઉત્પાદન પદ્ધતિની માહિતી હોય. |
| 2 | **રિસાયકલ્ડ પ્રમાણપત્ર વ્યવસ્થા** | રિસાયકલ્ડ પોલિએસ્ટર અને MMF ફાઇબર માટે રાષ્ટ્રીય કક્ષાના ધોરણો નિર્ધારિત કરવા. |
| 3 | **ચીનની ક્ષમતા સામે ટક્કર** | ભારતની MMF ઉત્પાદન ક્ષમતા વધારીને આગામી વર્ષોમાં ચીનની ક્ષમતાના 50 ટકા સુધી લઈ જવી. |
| 4 | **વર્લ્ડક્લાસ કેમિકલ રિસાયકલિંગ પ્લાન્ટ** | સુરત ખાતે પોસ્ટ કન્ઝ્યુમર પોલિએસ્ટર ગાર્મેન્ટ્સના રિસાયકલિંગ માટે મોટો પ્લાન્ટ સ્થાપવો (SGCCI પાર્ટનર બનવા તૈયાર). |
| 5 | **AI ફેશન ફોરકાસ્ટિંગ સોફ્ટવેર** | MSME અને SME એકમો ગ્લોબલ ટ્રેન્ડ્સને વહેલા સમજી શકે તે માટે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ આધારિત સોફ્ટવેર આપવું. |
| 6 | **HSN-વાઇઝ ઇન્ટેલિજન્સ રિપોર્ટ** | ભારતે જે દેશો સાથે FTA (ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ) કર્યા છે, ત્યાંની માંગનો વાર્ષિક રિપોર્ટ જાહેર કરવો. |
| 7 | **નેશનલ રેન્કિંગ સિસ્ટમ** | ગ્લોબલ બેસ્ટ મેન્યુફેક્ચરિંગ પ્રેક્ટિસિસના આધારે ભારતીય MMF ઉત્પાદકો માટે રેન્કિંગ શરૂ કરવું. |
| 8 | **રાષ્ટ્રીય મિશન મોડ પ્રોગ્રામ** | MMF આધારિત નિકાસને પ્રોત્સાહન આપવા માટે ખાસ સેન્ટ્રલ મિશન લોન્ચ કરવું. |

**સુરત એકલું જ $15 બિલિયનનું વધારાનું યોગદાન આપવા સક્ષમ**

શ્રી જીરાવાલાએ વિશેષ ભારપૂર્વક જણાવ્યું હતું કે સુરત ભારતનું એકમાત્ર એવું કાપડ કેન્દ્ર છે જ્યાં MMF ઉદ્યોગની સંપૂર્ણ વેલ્યુ ચેઇન – ફાઇબરથી લઈને યાર્ન, વીવિંગ, નિટિંગ, પ્રોસેસિંગ, એમ્બ્રોઇડરી, ગાર્મેન્ટિંગ અને નિકાસ સુધીની તમામ પ્રવૃત્તિઓ એક જ શહેરમાં ઉપલબ્ધ છે. જો કેન્દ્ર સરકાર આ સૂચનો અમલમાં મૂકે, તો સુરત એકલું જ દર વર્ષે વધારાના 10 થી 15 બિલિયન યુએસ ડોલરની નિકાસ કરીને દેશના લક્ષ્યાંકને સફળ બનાવશે.

# કેન્સર સામે ડરવાનું નહીં, જાગવાનું છે!

## વહેલા નિદાનથી ૧૦૦% જીત નક્કી: તબીબોનો સૂર



ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (SGCCI) અને મુંબઈ સ્થિત નાણાવટી મેક્સ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલના સંયુક્ત ઉપક્રમે નાનપુરા સ્થિત 'સમૃદ્ધિ' ભવન ખાતે 'કેન્સર કેર બિયોન્ડ ટ્રીટમેન્ટઃ જાગૃતિ, વહેલું નિદાન અને ગુણવત્તાસભર જીવન' વિષય પર એક અત્યંત મહત્વપૂર્ણ અને સચોટ હેલ્થ અવેરનેસ સેશન યોજાયું હતું. આ સત્રમાં કેન્સરના વહેલા નિદાન અને સર્જરી પછીના સામાન્ય જીવન અંગે ગહન માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

**સેમિનારમાં ઉપસ્થિત તબીબી નિષ્ણાતો અને મહાનુભાવો**

• **મુખ્ય વક્તા (મુંબઈ નાણાવટી મેક્સ હોસ્પિટલ):**

1. ડૉ. દેવેન્દ્ર ચૌકર - સીનિયર હેડ એન્ડ નેક ઓન્કો સર્જન (ગળા અને મોઢાના કેન્સર નિષ્ણાત)

2. ડૉ. ભરત સક્સેના - પ્લાસ્ટિક, રિકન્સ્ટ્રક્ટિવ અને માઇક્રોવાસ્ક્યુલર સર્જન

• **SGCCI લીડરશિપ અને હોદ્દેદારો:** શ્રી અશોક જીરાવાલા (પ્રમુખ), શ્રી પરેશ લાઠિયા (માનદ્ મંત્રી), શ્રી અતુલ પટેલ (માનદ્ ખજાનચી), શ્રી નિખિલ મદ્રાસી (તત્કાલીન નિવૃત્ત પ્રમુખ) અને ડૉ. પારૂલ વડગામા (ગ્રૂપ ચેરમેન).

• **પબ્લિક હેલ્થ કમિટી ટીમ:** ડૉ. જગદીશ વઘાસિયા (ચેરમેન - રૂપરેખા પ્રસ્તુતકર્તા) અને ડૉ. રાજન દેસાઈ (કો-ચેરમેન - મંચ સંચાલક).

**દેશમાં 70% કેન્સર કેસનું નિદાન મોડું થાય છે: પ્રમુખ અશોક જીરાવાલા**

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ સ્વાગત પ્રવચન કરતા ચોંકાવનારા આંકડા રજૂ કર્યા હતા. તેમણે જણાવ્યું કે, "રિપોર્ટ્સ અનુસાર ભારતમાં દર વર્ષે કેન્સરના કેસ ઝડપથી વધી રહ્યા છે અને 15 લાખથી વધુ નવા દર્દીઓ નોંધાય છે. સૌથી ચિંતાજનક બાબત એ છે કે આપણા દેશમાં 70% દર્દીઓનું નિદાન ત્રીજા કે ચોથા સ્ટેજમાં થાય છે, જેના કારણે સારવાર અત્યંત જટિલ બને છે. આ આંકડા આપણને ડરાવવા માટે નથી, પણ વહેલા જગાડવા માટે છે. જો કેન્સર પ્રથમ કે બીજા સ્ટેજમાં પકડાઈ જાય, તો તે 100% મટી શકે છે."

**ઓરલ કેન્સરમાં ગુજરાત દેશમાં અગ્રેસર: ડૉ. દેવેન્દ્ર ચૌકર**

મુંબઈના જાણીતા ગળાના ઓન્કો સર્જન ડૉ. દેવેન્દ્ર ચૌકરે





# કેન્સર સારવારથી પણ આગળ વધી ગુણવત્તાસભર જીવન જરૂરી: મુંબઈની નાણાવટી હોસ્પિટલ અને SGCCIનું સંયુક્ત સત્ર!

જણાવ્યું હતું કે, ભારતમાં કુલ કેન્સરના દર્દીઓમાંથી 30% દર્દીઓ ગળા અને મોઢાના હોય છે, જેમાં ગુજરાતમાં આવા કેસોની સંખ્યા સૌથી વધુ છે. મોઢાના કેન્સરમાં લક્ષણો વહેલા દેખાતા હોવા છતાં લોકોની બેદરકારીને લીધે 70% દર્દીઓ છેલ્લે ચોથા સ્ટેજમાં સારવાર માટે આવે છે. તેમણે સ્પષ્ટ કર્યું કે માત્ર તમાકુ જ નહીં, પણ સોપારી, સિગારેટ અને ઇ-સિગારેટના સેવનથી પણ આ કેન્સર ઘાતક બને છે.

**ડૉ. ચૌકરે દર્શાવેલા કેન્સરના મુખ્ય 6 રેડ સિગ્નલ લક્ષણો:**

૧. મોઢામાં કે જીભ પર થયેલો ઘા જે 2 થી 3 અઠવાડિયા સુધી દવાથી પણ રૂઝાય નહીં.

૨. ગળામાં સતત દુખાવો, બળતરા અથવા ગળતી વખતે ખોરાક અટકવો.

૩. અવાજમાં અચાનક મોટો ફેરફાર થવો અથવા સતત કર્કશ અવાજ રહેવો.

૪. ગરદન કે મોઢાના ભાગમાં લાંબા સમય સુધી રહેતી કોઈપણ પ્રકારની અકળ ગાંઠ કે સોજો.

૫. મોઢાની અંદરના ભાગમાં અસામાન્ય સફેદ કે લાલ ચકામા (Patches) દેખાવા.

૬. કોઈપણ ચોક્કસ કારણ વગર વજનમાં અને ભૂખમાં અચાનક મોટો ઘટાડો થવો.

**રિકન્સ્ટ્રક્ટિવ સર્જરીથી દર્દીને મળે છે નવું જીવન અને આત્મવિશ્વાસ: ડૉ. ભરત સક્સેના**

પ્લાસ્ટિક અને રિકન્સ્ટ્રક્ટિવ સર્જન ડૉ. ભરત સક્સેનાએ કેન્સર કેરમાં પ્લાસ્ટિક સર્જરીની આધુનિક ભૂમિકા સમજાવી હતી. તેમણે કહ્યું કે, "કેન્સરની સારવાર માત્ર જીવ બચાવવા પૂરતી સીમિત નથી, પણ દર્દીને આત્મવિશ્વાસ સાથે ફરી સામાન્ય સામાજિક જીવન આપવાની છે. ગળા કે મોઢાની કેન્સર સર્જરી પછી દર્દીને બોલવામાં, ચાવવામાં કે ગળવામાં મોટી તકલીફ પડે છે, જેને પ્લાસ્ટિક સર્જરી દ્વારા સંપૂર્ણ સુધારી શકાય છે."

**લેબોરેટરી અને ઓપરેશન થિયેટરમાં વપરાતી 3 અદ્યતન પદ્ધતિઓ:**

• **સ્કિન ગ્રાફ્ટ:** શરીરના સામાન્ય ભાગની ત્વચા લઈને પ્રભાવિત ભાગ પર ટ્રાન્સપ્લાન્ટ કરવી.

• **ફ્લેપ સર્જરી:** ત્વચા, ચરબી અને સ્નાયુઓને તેની મૂળ રક્તવાહિનીઓ સાથે ખસેડીને ફેસ રિમેકિંગ કરવું.

• **માઇક્રોવાસ્ક્યુલર સર્જરી:** સૂક્ષ્મ માઇક્રોસ્કોપ વડે રક્તવાહિનીઓ જોડીને જટિલ પુનઃનિર્માણ કરવું, જેથી ચેપનું જોખમ ઘટે અને ઘા ઝડપથી રૂઝાય.

સત્રના અંતે શહેરીજનો અને ઉદ્યોગપતિઓએ પૂછેલા તમામ વ્યાવહારિક પ્રશ્નોના તબીબોએ સંતોષકારક જવાબો આપ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આભારદર્શન માનદ્ ખજાનચી શ્રી અતુલ પટેલે કર્યું હતું.




# સુરતના આકાશને મોટી આશા

## ૨૬ રાજ્યોને જોડવા ચેમ્બરનો 'એર-પ્લાન'

## AAIના ડાયરેક્ટર સાથે હાઇ-લેવલ બેઠક!

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (SGCCI) દ્વારા સરસાણા સ્થિત 'સંહતિ' ભવન ખાતે એરપોર્ટ ઓથોરિટી ઓફ ઇન્ડિયા (AAI)ના વેસ્ટર્ન રિજનના રિજનલ એક્ઝિક્યુટિવ ડિરેક્ટર શ્રી પુલ્લા હિઝેકિયા સાથે એક અત્યંત મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ બેઠકનો મુખ્ય હેતુ સુરતમાં વસતા દેશના 26 રાજ્યોના નાગરિકોને પોતાના વતન સાથે જોડવા માટે ડોમેસ્ટિક ફ્લાઇટ્સ વધારવા તેમજ સુરતને વૈશ્વિક સ્તરનું આંતરરાષ્ટ્રીય કનેક્ટિવિટી હબ બનાવવાનો છે.

**હાઇ-લેવલ બેઠકના મુખ્ય સહભાગીઓ**

- **મુખ્ય અતિથિ:** શ્રી પુલ્લા હિઝેકિયા (રિજનલ એક્ઝિક્યુટિવ ડિરેક્ટર, એરપોર્ટ ઓથોરિટી ઓફ ઇન્ડિયા - AAI)
- **એરપોર્ટ પ્રશાસન:** શ્રી આનંદ શર્મા (ડિરેક્ટર, સુરત એરપોર્ટ) અને વરિષ્ઠ અધિકારીઓ.
- SGCCI **લીડરશિપ ટીમ:** શ્રી અશોક જીરાવાલા (પ્રમુખ), શ્રી પરેશ લાઠિયા (માનદ્ મંત્રી), શ્રી અતુલ પટેલ (માનદ્ ખજાનચી), શ્રી રજનીકાંત મારફતિયા (મેન્ટર, એવિએશન કમિટી) અને શ્રી લિનેશ શાહ (ચેરમેન, એવિએશન કમિટી).

**સુરતમાં વસતા 26 રાજ્યોના લોકો માટે એર કનેક્ટિવિટી અનિવાર્ય**

ચેમ્બર પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ બેઠકમાં સુરતની આર્થિક તાકાત રજૂ કરતા જણાવ્યું કે, "સુરત આજે હીરા, ટેક્સટાઇલ, કેમિકલ્સ, MSME અને સોલાર સેક્ટરમાં વૈશ્વિક બ્રાન્ડ છે. અહીં દેશના 26 જેટલા રાજ્યોના લોકો વેપાર અને રોજગાર માટે વસે છે. આ લાખો મુસાફરોના આવાગમન માટે ડાયરેક્ટ ડોમેસ્ટિક ફ્લાઇટ્સની સુવિધા મળવી સમયની માંગ છે."

શ્રી પુલ્લા હિઝેકિયાએ ચેમ્બરની દીર્ઘદ્રષ્ટિપૂર્ણ રજૂઆતને બિરદાવી હતી અને તમામ સૂચનો પર એએઆઈ (AAI) તરફથી સકારાત્મક અને ઝડપી કાર્યવાહી કરવાની ખાતરી આપી હતી.



| વિઝન-2047: સુરત એરપોર્ટના આધુનિકીકરણની કમ્પ્લીટ બ્લુપ્રિન્ટ | | |
|---|---|---|
| **ઇન્ફ્રાસ્ટ્રક્ચર કેટેગરી** | **સૂચિત આધુનિકીકરણ પ્રોજેક્ટ્સ** | **ઉદ્યોગ અને મુસાફરોને થનારો ફાયદો** |
| **કાર્ગો & મેન્ટેનન્સ** | * ઇન્ટરનેશનલ એર કાર્ગો ટર્મિનલ<br>* એરક્રાફ્ટ MRO (મેન્ટેનન્સ, રિપેર એન્ડ ઓવરહોલ) | સુરતના ડાયમંડ, ટેક્સટાઇલ અને ફાર્મા ઉદ્યોગની સીધી વૈશ્વિક નિકાસ વધશે; પ્લેન રિપેરિંગ સ્થાનિક સ્તરે થશે. |
| **રનવે & ઓપરેશન્સ** | * 615 મીટર રનવેનો ભાગ પુનઃ શરૂ કરવો<br>* એપ્રન (પાર્કિંગ બે) ની ક્ષમતા વધારવી | એરપોર્ટ પર એકસાથે બહુવિધ મોટા એરક્રાફ્ટ (Simultaneous Operations) સરળતાથી ઓપરેટ થઈ શકશે. |
| **એવિએશન ઇકોનોમી** | * એરોટ્રોપોલિસ સ્થાપના<br>* એરપોર્ટ ઇકોનોમિક ઝોનનો વિકાસ | એરપોર્ટની આસપાસ હોસ્પિટાલિટી અને કમર્શિયલ બિઝનેસનો નવો મોટો હબ તૈયાર થશે. |
| **લોન્ગ ટર્મ પ્લાનિંગ** | * વિઝન-2047 માસ્ટર પ્લાન<br>* ગ્રીનફિલ્ડ / સેકન્ડ એરપોર્ટનું આયોજન | આગામી દાયકાઓની પેસેન્જર ટ્રાફિકની જરૂરિયાતોને પહોંચી વળવા અત્યારથી જ જમીન અને નીતિ નક્કી થશે. |
| **ગ્રીન ઇનિશિયેટિવ** | * સોલાર એનર્જી પ્લાન્ટ્સ<br>* ઇલેક્ટ્રિક વ્હીકલ્સ અને સ્માર્ટ ટેક્નોલોજી | સુરત એરપોર્ટ સંપૂર્ણ પર્યાવરણને અનુકૂળ 'ગ્રીન એરપોર્ટ' તરીકે વૈશ્વિક સ્તરે ઓળખાશે. |

# SGCCIની રજૂઆત રંગ લાવી

## કેન્દ્ર સરકારે MEG અને PTA પર કસ્ટમ્સ ડ્યૂટીની રાહત 15 જુલાઈ સુધી લંબાવી!

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (SGCCI) દ્વારા સેન્ટ્રલ બોર્ડ ઓફ ઇનડાયરેક્ટ ટેક્સિસ એન્ડ કસ્ટમ્સ (CBIC) ના અધ્યક્ષશ્રીને કરાયેલી લેખિત રજૂઆતને કેન્દ્ર સરકાર તરફથી અત્યંત ઝડપી અને સકારાત્મક પ્રતિસાદ સાંપડ્યો છે. ભારત સરકારના નાણાં મંત્રાલય (રાજસ્વ વિભાગ) દ્વારા સત્તાવાર ગેઝેટ નોટિફિકેશન G.S.R. 529(E) જારી કરીને, અગાઉ 30 જૂન, 2026 સુધી અમલમાં રહેલી MEG અને PTA પરની કસ્ટમ્સ ડ્યૂટી રાહતને હવે 15 જુલાઈ, 2026 સુધી લંબાવવાનો આખરી નિર્ણય લેવામાં આવ્યો છે.

| પોલિસી ફેક્ટ્સ એન્ડ ઇમ્પેક્ટ ટેબલ | | | |
|---|---|---|---|
| **કાચો માલ / સુધારો** | **અગાઉની મુદત** | **નવી લંબાયેલી મુદત** | **ઉદ્યોગ પર થનારી સીધી અસરો અને ફાયદા** |
| MEG (Mono Ethylene Glycol) | 30 જૂન, 2026 | 15 જુલાઈ, 2026 | આંતરરાષ્ટ્રીય ક્રૂડ માર્કેટની અસ્થિરતા વચ્ચે સ્થાનિક ઉત્પાદન ખર્ચ નિયંત્રણમાં રહેશે. |
| PTA (Purified Tereph-thalic Acid) | 30 જૂન, 2026 | 15 જુલાઈ, 2026 | પોલિએસ્ટર અને MMF એકમો પરથી વર્કિંગ કેપિટલનો આર્થિક બોજ હળવો થશે. |

**પશ્ચિમ એશિયાની ભૌગોલિક કટોકટી અને કાચા માલનો ભરાવો**

ચેમ્બર દ્વારા સરકારનું ધ્યાન દોરવામાં આવ્યું હતું કે પશ્ચિમ એશિયામાં સર્જાયેલી ભૌગોલિક અને રાજકીય તંગદિલીને કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઇલ અને તેના ડેરિવેટિવ્ઝના ભાવ આસમાને પહોંચ્યા હતા. જોકે વૈશ્વિક બજારમાં સ્થિતિ આંશિક સુધરી છે, પરંતુ ભારતીય બજારમાં ક્રૂડ આધારિત કાચા માલના સ્થાનિક ભાવોમાં હજુ સુધી જોઈએ તેવો ઘટાડો નોંધાયો નથી.

આ વાસ્તવિક સ્થિતિને સ્વીકારીને કેન્દ્ર સરકારે ટેક્સટાઇલ સેક્ટરને ગ્લોબલ માર્કેટમાં સ્પર્ધાત્મક રાખવા માટે આ મોટો નિર્ણય કર્યો છે. ચેમ્બર પ્રમુખ શ્રી અશોક જીરાવાલા અને સમગ્ર ટીમે આ ત્વરિત કદમ ઉઠાવવા બદલ કેન્દ્ર સરકાર અને CBICના અધ્યક્ષનો હૃદયપૂર્વક આભાર માન્યો છે.

# નવો દેશ, નવી ક્ષિતિજ

## ચેમ્બર ઓફ કોમર્સ અને ઘાના ઇન્ડિયા ચેમ્બર વચ્ચે MOU સાઇન કરાયા



ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (SGC-CI) અને ઘાના ઇન્ડિયા ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી વચ્ચે શુક્રવાર, 26 જૂન 2026 ના રોજ એક ગરિમામય સમારોહમાં MOU સાઇન કરાયા હતા. આ MOU નો મુખ્ય હેતુ ભારત અને ઘાના વચ્ચે વેપાર, રોકાણ અને દ્વિપક્ષીય સંબંધોને વધુ સુદ્રઢ બનાવવાનો છે, જેનાથી બંને દેશોના ઉદ્યોગકારો માટે બિઝનેસના નવા અવસરો ઊભા થશે.

આ પ્રસંગે ચેમ્બરના પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ વ્યાપારીઓને માર્ગદર્શન આપતા જણાવ્યું હતું કે, કોઈપણ દેશ સાથે વ્યાપારિક સંબંધો સ્થાપિત કરતા પહેલાં ત્યાંની સરકારની પ્રોત્સાહક નીતિઓ અને યોજનાઓનો ગહન અભ્યાસ અનિવાર્ય છે. શરૂઆતના તબક્કે દક્ષિણ ગુજરાતના ઉદ્યોગકારો ઘાના સાથે નાના પાયે વ્યાપાર શરૂ કરશે અને સમયાંતરે તેમાં ઉત્તરોત્તર વધારો કરવામાં આવશે. તેમણે ઉમેર્યું કે ઘાના સાથેના આ આંતરરાષ્ટ્રીય વ્યાપારમાં ચેમ્બર ઓફ કોમર્સના પ્લેટફોર્મને સાથે રાખીને આગળ વધવું ઉદ્યોગકારો માટે હિતાવહ રહેશે.

ઘાના ઇન્ડિયા ચેમ્બર ઓફ કોમર્સના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર મિ. સ્ટીફન ક્વાકુ દારકુએ સુરત અને દક્ષિણ ગુજરાતના સાહસિકોને આવકારતા કહ્યું કે, ઘાના ફ્રી ટ્રેડ પોલિસી ધરાવતો દેશ હોવાથી ત્યાં બિઝનેસ કરવો અત્યંત સરળ છે. હાલમાં ઘાનામાં ટેક્સટાઇલ, ફાર્મા, ઇલેક્ટ્રિક અને સોલાર સેક્ટરમાં ઉદ્યોગની વ્યાપક તકો રહેલી છે, જેમાં ઘાના ચેમ્બર ઓફ કોમર્સ ભારતીય રોકાણકારોને વ્યાપાર સ્થાપિત કરવા માટે શક્ય તમામ વહીવટી અને વ્યૂહાત્મક સહયોગ પૂરો પાડશે.

કાર્યક્રમના અંતે ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી પરેશ લાઠિયાએ ઉપસ્થિત સર્વે મહાનુભાવોનો આભાર માન્યો હતો. આ ઐતિહાસિક ભાગીદારીના સાક્ષી તરીકે ઘાના ઇન્ડિયા ચેમ્બરના ચેરમેન મિ. ડેવિડ બ્રિયાન ઓબ્રો, સભ્ય મિ. સોલોમોન વિયાફ તેમજ ચેમ્બર ઓફ કોમર્સના માનદ્ ખજાનચી શ્રી અતુલ પટેલ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.






# સોલર ઉદ્યોગ પર નિયમોનું 'ગ્રહણ'

## ALMM-IIની અમલવારી 18 મહિના સ્થગિત કરવા SGCCI સમક્ષ ઉત્પાદકોનો પોકાર

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (SGCCI)ના સરસાણા સ્થિત કાર્યાલય ખાતે પ્રમુખ શ્રી અશોક જીરાવાલાની અધ્યક્ષતામાં સોલાર પેનલ ઉત્પાદકો, EPC કોન્ટ્રાક્ટરો અને પ્રોજેક્ટ ડેવલપરો સાથે હાઇબ્રિડ મોડમાં એક મહત્ત્વની બેઠક યોજાઈ હતી. કેન્દ્ર સરકાર દ્વારા 1 જૂન 2026થી દેશમાં ફરજિયાત કરાયેલા ALMM-IIના આદેશને પગલે સ્વતંત્ર સોલર ઉદ્યોગકારો સામે અસ્તિત્વનું સંકટ ઊભું થતાં આ બેઠકમાં ગંભીર ચર્ચા થઈ હતી.

બેઠકમાં ઉદ્યોગકારોએ દેશના સોલર સેક્ટરના વાસ્તવિક આંકડા રજૂ કરતાં જણાવ્યું કે, ગત વર્ષે દેશમાં 60 ગીગાવોટનું ઇન્સ્ટોલેશન થયું હતું અને MNREની ALMM-I યાદી મુજબ દેશની મોડ્યુલ ઉત્પાદન ક્ષમતા 170 ગીગાવોટ છે. હવે જો દેશમાં કુલ ડિમાન્ડ 70 ગીગાવોટની હોય, તો ભારતમાં ઉત્પાદિત થનારા માત્ર 28.5 ગીગાવોટના ડોમેસ્ટિક સોલાર સેલ આ માંગને કેવી રીતે પૂરી કરી શકે? મોટો પ્રશ્ન એ છે કે, ALMM-II યાદીમાં સામેલ ઇન્ટિગ્રેટેડ સેલ ઉત્પાદકો પોતે પણ પેનલ બનાવે છે, જેથી તેઓ કાં તો અન્ય નાના ઉત્પાદકોને સેલ આપશે નહીં અથવા ઊંચા ભાવે આપશે. પરિણામે નાના અને મધ્યમ (MSME) ઉત્પાદકોનો ઉત્પાદન ખર્ચ વધી જશે અને તેમનું રોકાણ ધોવાઈ જતાં કંપનીઓ NPA થવાની ભીતિ છે.

ટેક્નોલોજીના મુદ્દે પણ ઉદ્યોગકારોએ ચિંતા વ્યક્ત કરી કે, નિર્દેશિત 28.5 ગીગાવોટમાંથી આધુનિક 'ટોપકોન' સેલની કેપેસિટી માત્ર 13.56 ગીગાવોટની જ છે, જ્યારે બાકીના 'મોનોપર્ક' સેલ છે જે વૈશ્વિક સ્તરે આઉટડેટેડ ટેક્નોલોજી ગણાય છે. ગ્રાહકો આધુનિક ટોપકોનની જ માંગ કરે છે, છતાં સરકારી સર્ક્યુલરને કારણે જૂની ટેક્નોલોજી વાપરવાની નોબત આવી છે.

આ ગંભીર પરિસ્થિતિના કારણે માત્ર દક્ષિણ ગુજરાતમાં જ ₹1500 કરોડના કોન્ટ્રેક્ટ કેન્સલ થયા છે અને EPC કોન્ટ્રાક્ટરોના 500 મેગાવોટના પ્રોજેક્ટ અટકી પડ્યા છે. જો આ નિયમ ચાલુ રહેશે તો ગુજરાતના 2 લાખ અને દેશભરના 15 લાખ સોલાર શ્રમિકો બેરોજગાર બનશે. આ કટોકટીમાંથી ઉદ્યોગને ઉગારવા માટે તમામ ઉત્પાદકોએ એકસૂરે MNREની ALMM-II યાદીની અમલવારી ઓછામાં ઓછી 18 મહિના સુધી સ્થગિત કરવાની માંગ કરી છે.

ચેમ્બર પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ તમામ ઉદ્યોગકારોને સાંભળીને ખાતરી આપી હતી કે, ચેમ્બર સોલર પેનલ ઉત્પાદકોનો અવાજ માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સુધી દમદાર રીતે પહોંચાડશે. દેશના કુલ ઉત્પાદકોમાંથી 60% ગુજરાતમાં અને તેના 70% દક્ષિણ ગુજરાતમાં હોવાથી આ આર્થિક ફટકો સુરત પ્રદેશને સૌથી વધુ નુકસાન પહોંચાડશે, જેથી ચેમ્બર આ ધંધા-ઉદ્યોગને બચાવવા મક્કમ રજૂઆત કરશે.



# ALMM એટલે શું?

ALMMનું આખું નામ Approved List of Models and Manufacturers (મોડેલ્સ અને ઉત્પાદકોની મંજૂર યાદી) છે. કેન્દ્ર સરકારના નવીન અને નવીનીકરણીય ઉર્જા મંત્રાલય (MNRE) દ્વારા આ યાદી બહાર પાડવામાં આવે છે. આ યાદીમાં જે કંપનીના નામ હોય, માત્ર તેમની પાસેથી જ સોલાર પ્રોડક્ટ્સ ખરીદી શકાય છે.

સરકારે આ આખી પોલિસીને બે ભાગમાં વહેંચી દીધી છે: સોલર પેનલ માટે ALMM-I અને સોલર સેલ માટે કેટેગરી ALMM-I I.

સોલર સેલ: આ નાની ચોરસ સિલિકોન ચિપ છે જે સૂર્યના કિરણોમાંથી વીજળી બનાવે છે. તે પેનલનું મુખ્ય 'એન્જિન' છે.

સોલર પેનલ: આવી અનેક નાની ચિપ્સ (સેલ)ને એક કાચની ફ્રેમમાં જોડીને જે આખી મોટી પ્લેટ બને, તેને પેનલ કહેવાય.

સરકારે 1 જૂનથી નિયમ કર્યો કે પેનલ ભલે ભારતમાં બને, પણ તેની અંદર વપરાતો સોલાર સેલ પણ ભારતનો જ (ALMM-IIની યાદીમાં મંજૂર થયેલો) હોવો જોઈએ. સરકારનો ઈરાદો 'આત્મનિર્ભર ભારત' અંતર્ગત ભારતમાં જ સેલ બનાવવાનો છે, પણ દેશમાં હજી એટલી ફેક્ટરીઓ તૈયાર નથી થઈ. એવામાં આ નિયમ વહેલો લાવી દેવાતા સુરતના આશરે ₹1500 કરોડના કોન્ટ્રેક્ટ અટકી પડ્યા છે અને ઉદ્યોગપતિઓ આ નિયમને 18 મહિના પાછો ઠેલવાની માંગ કરી રહ્યા છે.



# અખબારી મથાળામાં ચેમ્બર



અત્યારસુધીના ફેબ્રિક્સ એક્સ્પોમાં પ્રથમ વખત 35 હજારથી વધુ લોકોએ મુલાકાત લીધી

## ચેમ્બર આયોજીત ગ્લોબલ ફેબ્રિક્સ એક્સ્પોમાં એક્ઝિબીટર્સને 600 કરોડનો બિઝનેસ મળ્યો

દેશભરની 15 જેટલી માર્કેટ- કોર્પોરેટ હાઉસના 2500થી વધુ બાયર્સ પ્રદર્શનમાં આવ્યા

વિસ્કોસ, સાલસા, હોમ ફર્નિશિંગ ફેબ્રિક્સની માંગ

દિવ્યભાસ્કર, 29 જુન



## सूरत में 26 राज्यों के प्रवासियों को मिलें हवाई उड़ान, इंटरनेशनल कार्गो शुरू करने पर जोर

રાજસ્થાન પત્રિકા, 1 જુલાઈ



## ગુજરાતના 2 લાખ જેટલા સોલાર ઉત્પાદકના વેપાર ઉપર સંકટ

ગુજરાતમિત્ર, 28 જુન



## ચેમ્બરના નવા પ્રમુખ તરીકે અશોક જીરાવાલાએ પદભાર ગ્રહણ કર્યો

સંદેશ, 7 જુન



लोकतेज

## ALMM-II नियमों पर सदर्न गुजरात के सोलर उद्योग की चिंता, चैंबर ने केंद्र से 18 माह की मोहलत देने की मांग उठाने का दिया भरोसा

લોકતેજ, 28 જુન



ચેમ્બર અને ઘાના ઇન્ડિયા ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી વચ્ચે MOU થયા

## ભારત અને ઘાના વચ્ચે દ્વિપક્ષીય વેપારને મજબૂત બનાવવાની દિશામાં પહેલ કરાઈ

લોકસત્તા - જનસત્તા, 29 જુન



## Textile sector welcomes duty exemption on yarn

ટાઈમ્સ ઓફ ઇન્ડિયા, 24 જુન



સરસાણા ખાતે 'ગ્લોબલ ફેબ્રિક એક્સ્પો-2026'નો પ્રારંભ થયો

## મેક ઈન ઈન્ડિયાને સાકાર કરવામાં કાપડ ઉદ્યોગની ભૂમિકા મહત્વની : ડૉ. જયરામ

કૃષિ ક્ષેત્ર બાદ સૌથી વધુ રોજગારી ટેક્સટાઈલ ક્ષેત્રમાં મળી રહી છે

દિવ્યભાસ્કર, 27 જુન

તમામ ન્યુઝ ક્લિપિંગ્સ સંબંધિત અખબારના સૌજન્યથી

# ACTIVITIES OF SGCCI

# THE SOUTHERN GUJARAT CHAMBER OF COMMERCE & INDUSTRY

SGCCI

(BUSINESS VOICE OF SOUTH GUJARAT SINCE 1940)

## We sincerely thank our Sponsors of Birthday Gifts

JOGANI REINFORCEMENT

Sihora INDUSTRIES LTD

MADHAVJI PATEL LANDMARK CORPORATION

SOLEX OWN YOUR POWER...

KP GROUP www.kpgroup.co

KHUSHALBHAI

EKTA Forest

Lotus Masala Since 1940

KLM KLM LABORATORIES PVT. LTD.

MAHARANA

visitorz.io

GANDHI GANDHI GROUP OF INDUSTRIES

MAHADEV fabric

NARMADA GROUP

BRAHMANI

MOTORS

amazon digital kendra

Alibaba.com Growmore Export Solution Pvt. Ltd.

HASTEE BAKERY LIVE CAKE SHOP & NAMKEEN HALL

Hilton Garden Inn Surat City Centre

Natural Alkaline Water Aava Natural Mineral Water ATISH OVERSEAS

KANIYARO Occasional Ethnic

Chatni wala

RAJ

SWASTIK FINSOL

More contributions are welcome for Birthday Gifts Contact: **+91 72111 73110**

BUSINESS BEYOND EXCELLENCE

# THE SOUTHERN GUJARAT CHAMBER OF COMMERCE & INDUSTRY

SGCCI

(BUSINESS VOICE OF SOUTH GUJARAT SINCE 1940)

## EXHIBITIONS FOR THE YEAR 2026-27

- GLOBAL FABRIC EXPO 2026 – 5th Edition – THE COMPLETE FABRIC SHOW – 26 27 28 JUNE 2026 (Formerly Known as WeaveKnit)
- શ્રાવણ BUSINESS MELA '26 – 24-25 JULY 2026
- GLOBAL TRAVEL TRADE FAIR – EXPLORE • CONNECT • DISCOVER THE WORLD – 28 29 JULY 2026
- શ્રાવણ BUSINESS MELA '26 – 07-08 AUG 2026
- YARN EXPO – An International Trade Show – 21 22 23 AUGUST 2026
- GIFT EXPO 2026 – THE ULTIMATE SHOWCASE OF GIFTS – 01-02-03 SEPTEMBER
- SITEX – 14th EDITION – SURAT INTERNATIONAL TEXTILE EXPO – 26-27-28 SEP 2026 – AN EXCLUSIVE TEXTILE MACHINERY EXPO
- Surat Startup Summit '26 – 2-3-4 OCTOBER
- SMART EDUCATION EXPO 2026 – 11-12-13 DECEMBER
- SITEX – 15th EDITION – SURAT INTERNATIONAL TEXTILE EXPO – 19-20-21 DEC 2026 – AN EXCLUSIVE TEXTILE MACHINERY EXPO
- SGCCI Food & Beverages EXPO – 1st EDITION – 24 25 26 JANUARY 2027
- WEE'27 – 24-25-26 Jan. 2027
- VINTAGE CAR EXPO 2027 – 05-06-07 February
- GAU TECH 2027 – 12-13-14 FEBRUARY
- Dairy TECH EXPO – 12-13-14 FEB 2027
- SITEX – 16th EDITION – SURAT INTERNATIONAL TEXTILE EXPO – 20-21-22 FEB 2027 – AN EXCLUSIVE TEXTILE MACHINERY EXPO
- SITME '27 – SURAT INTERNATIONAL TEXTILE & MACHINERY EXPO – 05-06-07-08 MAR 2027 – EMBROIDERY MACHINERY EXPO
- WEALTH EXPO 2027 – (2nd Edition) – 12-13-14 MARCH
- Udyog 2027 – 16th Edition – 07 08 09 MAY – Ideal Platform for MSME

## PROPOSED EXHIBITIONS FOR THE YEAR 2026-27

- CHEMICAL & PHARMA EXPO
- Art EXHIBITION
- संस्कृति – The Mega Art Festival – Celebrating Art, Culture & Handicraft
- SHOPPING FESTIVAL
- AYUSH EXPO '26
- deep
- LAB GROWN DIAMOND & JEWELLERY EXPO – A COMPLETE B2B EXPO
- Diwali BUSINESS MELA
- SPARKLE INTERNATIONAL

BUSINESS BEYOND EXCELLENCE